NAVSARJAN SANSKRUTI
RNI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 159
Dt.: 15-04-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### ICG અને ATSની સંયુક્ત કાર્યવાહી

# ગુજરાતના દરિયાકાંઠે ૧૮૦૦ કરોડના ડ્રગ્સ સાથે બોટ ઝડપાઈ

## ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક ૧૩મી એપ્રિલની રાત્રે બોટને અટકાવવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત પણ ડ્રગ્સની હેરફેર માટેનો અડ્ડો બની ગયો હોય તેવું લાગે છે. હવે દરિયાકાંઠેથી આશરે 1800 કરોડ રૂપિયાનું ડ્રગ્સ ભરેલી એક બોટ પકડી પાડવામાં આવી છે. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG) અને ગુજરાતના એટીએસની સંયુક્ત કાર્યવાહીમાં આ ઓપરેશન પાર પડાયું છે. માહિતી મુજબ લગભગ 300 કિલોગ્રામ જેટલો ડ્રગ્સ બોટમાંથી મળી આવ્યો હતો.અહેવાલો અનુસાર, ભારતીય કોસ્ટ ગાર્ડ અને એન્ટી ટેરરિસ્ટ સ્કવોડએ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે અરબી સમુદ્રમાં 1800 કરોડ રૂપિયાના ડ્રગ્સ ભરેલી બોટ જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન 300 કિલો મેફેડ્રોન (MD) ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. ગુપ્ત માહિતીના આધારે શરૂ કરાયેલા આ ઓપરેશનમાં ICG એ પોતાના જહાજો અને વિમાનોને તૈનાત કર્યા હતા.કોસ્ટગાર્ડ અને એટીએસનું ઓપરેશન મોડી રાત સુધી ચાલુ રહ્યું. કોસ્ટ ગાર્ડની સ્પીડ બોટ અને જહાજોએ શંકાસ્પદ બોટને ઘેરી લીધી



અને પકડી લીધી. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા (IMBL) નજીક 13મી એપ્રિલની રાત્રે બોટને અટકાવવામાં આવી હતી.

### તુરંત મળશે મહત્ત્વની બેન્કિંગ-ફાઈનાન્સિયલ અપડેટ્સ

# RBI એ નાણાકીય જાગૃત્તિ લાવવા વોટ્સએપ ચેનલ લોન્ચ કરી

## આરબીઆઈ મારફત મહત્ત્વપૂર્ણ બેન્કિંગ અપડેટ તથા નાણાકીય સમાચારોને સરળતાથી લોકો સુધી પહોંચાડવા આ પહેલ હાથ ધરાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ હાલમાં જ નાણાકીય માહિતી લોકો સુધી સરળતાથી પહોંચાડવા માટે સત્તાવાર ધોરણે વોટ્સએપ ચેનલ લોન્ચ કરી છે. આરબીઆઈ મારફત મહત્ત્વપૂર્ણ બેંકિંગ અપડેટ તથા નાણાકીય સમાચારોને સરળતાથી લોકો સુધી પહોંચાડવા આ પહેલ હાથ ધરાઈ છે. જેથી અંતરિયાળ ગામોમાં લોકોને નાણાકીય બાબતોમાં સક્ષમ બનાવી શકાય. દેશભરના લોકો આરબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવેલા ક્યુઆર કોડ સ્કેન કરી ચેનલમાં જોડાઈ શકે છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ વોટ્સએપ પર પોતાના વેરિફાઈડ એકાઉન્ટ પરથી મહત્ત્વપૂર્ણ નાણાકીય બાબતો અને માહિતી પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાની ખાતરી કરી છે. આરબીઆઈ સતત ટેક્સ્ટ મેસેજ, ટીવિ અને ડિજિટલ જાહેરાતો મારફત લોકોને આ મામલે જાગૃત કરવાના પ્રયાસો કરી રહી છે. આ ચેનલનો ઉપયોગ સુરક્ષિત ડિજિટલ ટ્રાન્ઝેક્શન અને છેતરપિંડીથી બચવા માટે જાગૃત્તિ ફેલાવાનો છે.

વધુમાં બેંક્રિંગ અધિકારો વિશે જાણકારી અને નીતિઓમાં થયેલા ફેરફાર અંગે સૂચિત કરવા માટે થશે. આરબીઆઈને અપેક્ષા છે કે, વોટ્સએપ ચેનલ આજના જમાનામાં વધી રહેલા સાયબર ક્રાઈમ, નાણાકીય છેતરપિંડીથી લોકોને બચાવનારૂ અસરકારક સાધન બનશે.

આ રીતે વોટ્સએપ ચેનલમાં જોડાઓ

૧. આરબીઆઈની સત્તાવાર વેબસાઈટ તથા સોશિયલ મીડિયા હેન્ડલ પર રજૂ કરવામાં આવેલું ક્યુઆર કોડ સ્કેન કરો.

૨. ક્યુઆર કોડ તમને આરબીઆઈની વોટ્સએપ ચેનલ પર લઈ જશે.

૩. ચેનલમાં જોડાવા માટે જોઈન પર ક્લિક કરો.

૪. જોડાયા બાદ, આરબીઆઈના વેરિફાઈડ વોટ્સએપ એકાઉન્ટ પરથી તમને રોજિંદા અપડેટ મળવાનું શરૂ થશે.

આરબીઆઈનું સત્તાવાર વોટ્સએપ એકાઉન્ટ બિઝનેસ નંબર ૯૯૯૯ ૦૪૧ ૯૩૫ મારફત હેન્ડલ થાય છે.

યુઝર્સને સલાહ છે કે, તે એકાઉન્ટના નામની આગળ વેરિફાઈડ ચિહ્ન અવશ્ય ચેક કરે, જેથી તેઓ સાચી ચેનલને ફોલો કરી રહ્યા છે કે નહીં, તેની ખાતરી થાય.

### રૂપિયા ૧૩,૫૦૦ કરોડની PNB બેન્ક લોન

# કૌભાંડના આરોપી ભાગેડું મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ

## લોન ફ્રોડ કેસ પ્રકાશમાં આવે તે પહેલા જ મેહુલ ચોકસી જાન્યુઆરી ૨૦૧૮માં તેના ભત્રીજા નીરવ મોદી સાથે ભારત છોડી ભાગી ગયો હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

13500 કરોડ રૂપિયા PNB બેન્ક લોન કૌભાંડના આરોપી મેહુલ ચોકસીની બેલ્જિયમમાં ધરપકડ કરવામાં આવી છે. ભારતીય એજન્સીઓ દ્વારા મેહુલ ચોકસીને બેલ્જિયમમાં ટ્રેસ કરાયો હતો. તે છેલ્લે વર્ષ 2021ના અંતે એન્ટીગુઆથી ભાગીને બેલ્જિયમ નાસી ગયો હતો.



અહેવાલ અનુસાર, હીરાના વેપારી રહી ચૂકેલા 65 વર્ષીય ચોકસીની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની અપીલ બાદ શનિવારે (12મી એપ્રિલ, 2025)ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તે હજુ પણ જેલમાં છે. હવે તેના પ્રત્યાર્પણની તૈયારીઓ કરવામાં આવશે. જો કે, તેનો વકીલ તબીયત અને અન્ય બહાનાઓ થકી કોર્ટમાં જામીન મેળવવા વલખાં મારી રહ્યો છે.મેહુલ ચોક્સીએ પંજાબ નેશનલ બેંક સાથે 13,500 કરોડ રૂપિયાની લોન છેતરપિંડી કરી હતી. છેતરપિંડી કર્યા પછી ચોકસી ધરપકડથી બચવા માટે ભારતથી બેલ્જિયમ ભાગી ગયો હતો. અહીં તે તેની પત્ની પ્રીતિ ચોકસી સાથે એન્ટવર્પમાં રહેતો હતો કારણ કે પ્રીતિ ચોક્સી પાસે બેલ્જિયમની નાગરિકતા છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેની પાસે બેલ્જિયમમાં 'એફ રેસિડેન્સી કાર્ડ' હતું અને તે સારવાર માટે એન્ટિગુઆથી બેલ્જિયમ આવ્યો હતો.પંજાબ નેશનલ બેંક લોન ફ્રોડ કેસ પ્રકાશમાં આવે તે પહેલા જ મેહુલ ચોક્સી જાન્યુઆરી 2018માં તેના ભત્રીજા નીરવ મોદી સાથે ભારત છોડી ભાગી ગયો હતો. PNB લોન કૌભાંડ ભારતમાં બીજા નંબરનું સૌથી મોટું બેંક કૌભાંડ હતું. બેંક ફ્રોડ સામે આવે તે પહેલા જ ચોકસીએ એન્ટિગુઆની નાગરિકતા લઈ લીધી હતી. 2021 માં, જ્યારે ચોક્સી ક્યુબા જઈ રહ્યો હતો, ત્યારે તે ડોમિનિકામાં પકડાયો હતો. ધરપકડ બાદ મેહુલે કહ્યું હતું કે આ બધું રાજકીય ષડયંત્રના કારણે કરવામાં આવી રહ્યું છે. તેણે આરોપ લગાવ્યો હતો કે EDએ ભારતમાં તેની મિલકતો ગેરકાયદેસર રીતે જપ્ત કરી છે.

### ભારત સહિતના દેશોના નાગરિકોને અસર થઈ શકે

# USમાં ૩૦ દિવસથી વધુ સમયથી રહેતા વિદેશીઓ નોંધણી નહીં કરાવે તો સજા

## હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટનો આદેશ, ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામે નવેસરથી અભિયાન

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળના હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ (DHS)એ કડક વોર્નિંગ આપી છે કે 30 દિવસથી વધુ સમય અમેરિકામાં રહેતા તમામ વિદેશી નાગરિકોએ સરકારમાં નોંધણી કરાવવાની રહેશે.

આ આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહેતા વ્યક્તિને જંગી પેનલ્ટી, જેલની સજા કે કાયદેસર ઈમિગ્રેશન પર કાયમી પ્રતિબંધનો સામનો કરવો પડી શકે છે.

સોશિયલ મીડિયામાં 'ગેરકાયદેસર વિદેશીઓને સંદેશ' ટાઈટલ સાથેની એક પોસ્ટમાં આ આદેશ જારી કરાયો છે. આ પોસ્ટ પ્રેસિડન્ટ ટ્રમ્પ અને DHS સેક્રેટરી ક્રિસી નોએમને ટેગ પણ કરાઈ હતી. ગેરકાયદે રહેતા વિદેશીઓને દેશ છોડી દેવા અને સેલ્ફ ડિપોર્ટ થવાની વોર્નિંગ આપતા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગેરકાયદે રહેવાથી ભારે દંડ અને કેદ થઈ શકે છે.

આ આદેશ ગેરકાયદે રહેતા લોકો સામેની નવેસરથી કાર્યવાહીનો સંકેત આપે છે. ટુરિસ્ટ કે સ્ટુડન્ટ જેવા હંગામી વિઝા પર રહેતા લોકોએ પણ રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને તેઓ નિષ્ફળ રહેશે તો કાર્યવાહી થશે. આ આદેશથી H-1 B અથવા વિદ્યાર્થી પરમિટ જેવા વિઝા પર રહેલા લોકોને સીધી અસર થશે નહીં, પરંતુ તે વિદેશી નાગરિકોને યોગ્ય પરવાનગી વગર અમેરિકામાં રહેવાથી રોકવા માટે કાયદાના કડક અમલીનો સંકેત આપે છે. જો H-1 B વિઝા પર રહેલા વ્યક્તિ નોકરી ગુમાવે છે, પરંતુ નિર્ધારિત સમયગાળામાં દેશમાં નીકળી જતાં નથી તો તેવા કિસ્સામાં તેમની સામે કાર્યવાહી થઈ શકે છે. તેથી વિદ્યાર્થીઓ અને H-1 B વિઝા ધારકોએ નિયમોનું પાલન કરવું પડશે.

પોસ્ટમાં જણાવાયું છે કે સ્વ-દેશનિકાલ સલામત છે. તમારી પ્રસ્થાન ફ્લાઈટ પસંદ કરીને તમારી પોતાની શરતો પર દેશ છોડી દો. જો તમે બિન-ગુનેગાર ગેરકાયદેસર વિદેશી તરીકે સ્વ-દેશનિકાલ કરો છો, તો યુએસમાં કમાયેલા પૈસા સાથે રાખી શકો છો. સેલ્ફ ડિપોર્ટેશનથી ભવિષ્યમાં કાયદેસર ઈમિગ્રેશનની તક ખુલ્લી રહેશે. આવી રીતે દેશનિકાલ થતાં લોકોને જો પોસાય તેમ ન હોય તો સબસિડી સાથે ફ્લાઈટની સુવિધા પણ મળી શકે છે. સોશિયલ મીડિયામાં પોસ્ટમાં જણાયું છે કે ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓને હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ શોધી કાઢશે અને પછી તાત્કાલિક દેશનિકાલ કરશે. જો દેશમાંથી કાઢી મૂકવાનો આદેશ મળ્યા પછી પણ દેશમાં રહ્યાં તો દૈનિક 998 ડોલરનો દંડ થશે. જો સેલ્ફ ડિપોર્ટેશનની તૈયારી દર્શાવ્યા પછી પણ દેશમાં રહેશે તો 1,000થી 5,000 ડોલર સુધીનો દંડ થશે. જો તમે સ્વ-દેશનિકાલ કરવામાં નિષ્ફળ જાઓ છો, તો તમને જેલની સજા થઈ શકે છે.

સરકારમાં રજિસ્ટ્રેશન કરાવતા નથી તેવા વિદેશીઓ પર કાનૂની ઈમિગ્રેશન સિસ્ટમ મારફત અમેરિકામાં ફરી પ્રવેશ કરવા પર પ્રતિબંધ મૂકાશે. આ આદેશથી કાયદેસર રીતે અમેરિકામા રહેતાં વિદેશીઓને કોઈ અસર થશે નહીં. પરંતુ પોતાનું વિઝા સ્ટેટસ કે લિગલ સ્ટેટસ જાળવી રાખવું પડશે. જો વ્યકિઓના વિઝા પૂરી થઈ ગયા છે અને વધુ સમય રહેશે તો કાર્યવાહીનો સામનો કરવો પડશે.

### યુક્રેનના સુમી શહેરમાં

# રશિયાના મિસાઈલ હુમલામાં ૩૨ લોકોનાં મોત, ૯૯ ઘાયલ

**લોકો પામ સન્ડેની ઉજવણી કરી રહ્યા હતા તે દરમિયાન બે બેલિસ્ટિક મિસાઈલો ત્રાટકી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયાએ રવિવારે યુક્રેનના શહેર સુમી પર કરેલા મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયાં હતાં અને ૯૯ લોકો ઘાયલ થયાં હતાં. લોકો સવારે પામ સન્ડેની ઉજવણી માટે લોકો એકઠા થયાં હતાં ત્યારે બે બેલિસ્ટિક મિસાઈલો ત્રાટક્યા હતાં. ાાન્સના પ્રેસિડન્ટ સહિતના વૈશ્વિક નેતાઓએ આ હુમલાની આકરી નિંદા કરી હતી. યુક્રેનની સ્ટેટ ઈમર્જન્સી સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા હતાં. તેમાં ૧૧ બાળકો સહિત ૯૯ લોકો ઘાયલ પણ થયા હતાં. યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે બે મિસાઈલ હુમલામાં ડઝનબંધ લોકોના મોત થયા છે અને બચાવ પ્રયાસો ચાલુ છે. કાયર લોકો જ આવા હુમલા કરીને સામાન્ય લોકોના જીવ લઈ શકે છે. યુક્રેનિયન પ્રેસિડેન્શિયલ કાર્યાલયના વડા એન્ડ્રી યર્માકે જણાવ્યું હતું કે આ હુમલામાં શક્ય તેટલા લોકોને મારવાના પ્રયાસમાં ક્લસ્ટર મ્યુનિશનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સુમી પરનો હુમલો એક સપ્તાહમાં જ બીજો મોટો હુમલો છે.

અગાઉ ઝેલેન્સ્કીના વતન ક્રીવરિહ પર ૪ એપ્રિલે થયેલા ઘાતક મિસાઈલ હુમલામાં ૯ બાળકો સહિત ૨૦ લોકોના મોત થયા હતાં. વૈશ્વિક પ્રતિભાવની હાકલ કરતાં ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે વાટાઘાટાથી ક્યારેય બેલેસ્ટિક મિસાઈલ કે હવાઈ હુમલા બંધ થયા નથી. રશિયા સાથે એક ત્રાસવાદી જેવો અભિગમ અપનાવવાની જરૂરી છે. આ હુમલાની આકરી ટીકા કરતાં ફ્રાન્સના પ્રેસિડન્ટ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું હતું કે આ હુમલાથી બંને પક્ષો વચ્ચે અમેરિકાના નેતૃત્વ હેઠળની શાંતિ વાટાઘાટોને નબળી પાડી છે.

દરેક વ્યક્તિ જાણે છે કે આ યુદ્ધ ફક્ત રશિયાએ ચાલુ કર્યુંછે અને આજે એ સ્પષ્ટ થયું છે કે રશિયા એકલું જ તેને ચાલુ રાખવાનું પસંદ કરે છે. રશિયા માનવ જીવન, આંતરરાષ્ટ્રીય કાયદા અને પ્રેસિડન્ટ ટ્રમ્પના રાજદ્વારી પ્રયાસોની સ્પષ્ટ અવગણના કરી રહ્યું છે.

### સંરક્ષણ ક્ષેત્રે ડીઆરડીઓની વધુ એક કમાલ

# ભારતે 'સ્ટાર વોર્સ' જેવા શક્તિશાળી લેસર હથિયારનું સફળ પરીક્ષણ કર્યું

**ભારત દુનિયામાં ચોથો અથવા પાંચમો દેશ છે, જેણે લેસર ટેક્નોલોજીથી સજ્જ હથિયાર સિસ્ટમ દર્શાવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં ફરી એક વખત કમાલ કરી છે. ભારતે વિમાન, મિસાઈલ અને ડ્રોનને તોડી પાડવા સક્ષમ લેસર આધારિત હથિયાર વિકસાવ્યું છે. આ સાથે ભારત હાઈ-પાવર લેસર હથિયારો ધરાવતા પસંદગીના દેશોની યાદીમાં સામેલ થઈ ગયું છે. ભારતે કર્નૂલની નેશનલ ઓપન એર રેન્જમાં એમકે-૨(એ) લેસર-ડાયરેક્ટેડ એનર્જી વેપન સિસ્ટમની ટ્રાયલ સાથે આ સિદ્ધિ મેળવી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ના અધિકારીઓએ આપીલે માહિતી અનુસાર, કર્નૂલની નેશનલ ઓપન રેન્જમાં રવિવારે (૧૩મી એપ્રિલ) એમકે-૨(એ) લેસર ડાયરેક્ટેડ એનર્જી વેપન સિસ્ટમની ટ્રાયલ કરાઈ હતી. જેણે મિસાઈલ, ડ્રોન અને નાના પ્રોજેક્ટાઈલ્સને તોડી પાડ્યા હતા. એમકે-૨(એ) ડીઈડબલ્યુ સિસ્ટમે અનેક ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા અને દુશ્મનના સર્વેલન્સ સેન્સર અને એન્ટેનાને તોડી પાડ્યા, તેમાં વીજળી જેવી ઝડપ, ચોક્સાઈ અને કેટલીક સેકન્ડમાં ટાર્ગેટને તોડી પાડવાની તાકાત છે. આ સફળતાએ ભારતને અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશોની વિશેષ ક્લબમાં મૂકી દીધું છે. આ દેશો હાઈ-પાવર લેસર ડીઈડબલ્યુ ટેક્નોલોજી ધરાવે છે.ડીઆરડીઓના ચેરમેન સમીર વી. કામતે કહ્યું કે, 'અમેરિકા, રશિયા અને ચીન પાસે જ આવી ક્ષમતા છે. ઈઝરાયેલ પણ હજુ આ દિશામાં કામ કરી રહ્યું છે. ભારત દુનિયામાં ચોથો અથવા પાંચમો દેશ છે, જેણે લેસર ટેક્નોલોજીથી સજ્જ હથિયાર સિસ્ટમ દર્શાવી છે. ડીઆરડીઓ એવી અનેક ટેક્નોલોજી પર કામ કરી રહી જે આપણને સ્ટાર વોર્સ જેવી ક્ષમતા આપશે. આ તો હજી શરૂઆત છે. અમે હાઈ-એનર્જી માઈક્રોવેવ્સ અને ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ જેવી સિસ્ટમ પર પણ કામ કરીએ છીએ. આ બધી જ હથિયાર સિસ્ટમ આપણને સ્ટાર વોર્સ જેવી ટેક્નોલોજી આપશે.'

### બીમાર પ્રાણીઓને આઈસોલેટ કરવામાં આવ્યા

# ચારધામ યાત્રા રૂટ પર ફેલાયો હોર્સ ફ્લૂ, પશુપાલન વિભાગ સતર્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)ચમોલી

ચારધામ યાત્રા રૂટ પર સ્થિત ચમોલી જિલ્લામાં, સેંકડો ગ્રામજનો ગ્રામીણ વિસ્તારોમાં ઘોડા અને ખચ્ચર દ્વારા માલ પહોંચાડવાના રોજગારમાં રોકાયેલા છે.હેમકુંડ સાહિબ અને કેદારનાથ ધામની યાત્રા દરમિયાન ઘોડા સંચાલકો અહીંથી ઘોડા અને ખચ્ચર લઈને ધંધો કરે છે પરંતુ ચમોલીના ગૌચરમાં બે ખચ્ચરમાં ક્વોડ ઈન્ફેન્ઝા એટલે કે હોર્સ ફ્લૂના લક્ષણો જોવા મળ્યા બાદ પશુપાલન આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો છે.પશુપાલન વિભાગ દ્વારા બંને ખચ્ચરને અલગ કરવામાં આવ્યા છે. બધા ઘોડા અને ખચ્ચરના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે. આ માટે, પશુપાલન વિભાગે બ્લોક સ્તરે બે ટીમોની રચના કરી છે.માર્ચ મહિનામાં ગૌચરના ઘોડા અને ખચ્ચરના નમૂનાઓ શ્રીનગરમાં હોર્સ ફ્લૂ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. ક્વોડ ઈન્ફાન્ઝા એટલે કે હોર્સ ફ્લૂ માટે બે ખચ્ચર પોઝિટિવ જોવા મળ્યા છે. આ ખચ્ચરોને પશુપાલન વિભાગ દ્વારા અલગ કરવામાં આવ્યા છે. જોકે, તેના નમૂના ફરીથી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે પરંતુ તેમનો તપાસ રિપોર્ટ હજુ આવવાનો બાકી છે.પશુપાલન વિભાગ ઘોડા અને ખચ્ચરમાં હોર્સ ફ્લૂ માટે સમગ્ર જિલ્લામાં નમૂના લઈ રહ્યું છે. આ માટે, દરેક ગામમાંથી નમૂના એકત્રિત કરવા માટે નવ વિકાસ બ્લોકમાં ૧૮ ટીમો બનાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૮૭૦ થી વધુ નમૂનાઓ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જોકે રિપોર્ટ હજુ આવવાનો બાકી છે.જો ઘોડાઓ અથવા ખચ્ચરોમાં હોર્સ ફ્લૂના લક્ષણો દેખાય, તો તેમને હોર્સ ફ્લૂ માટે સકારાત્મક પરીક્ષણ આવે અને નકારાત્મક ન થાય ત્યાં સુધી અલગ રાખવામાં આવશે.

# અમેરિકા ભૂલ સુધારે: રેસિપ્રોકલ ટેરિફ રદ્દ કરવા ચીનની અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્માર્ટ ફોન, લેપટોપ તથા અન્ય ઈલેક્ટ્રોનિક્સ વસ્તુને રેસિપ્રોકલ ટેરિફમાંથી રાહત આપ્યા પછી ચીનનું વલણ પણ કૂણુ થયું છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે સ્માર્ટ ફોનની જેમ અન્ય તમામ વસ્તુને નવી ટેરિફ નીતિમાંથી બાકાત રાખવા અમેરિકાને અપીલ કરી છે. ચીને જણાવ્યુ હતું કે, પોતાની ભૂલો સુધારવા અમે અમેરિકાને અપીલ કરીએ છીએ. રેસિપ્રોકલ ટેરિફની અન્યાયી પદ્ધતિને નાબૂદ કરી અમેરિકાએ પરસ્પર આદરના સાચા માર્ગે પરત ફરવું જોઈએ. બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે? કહેવતને યાદ કરતાં ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જે વ્યક્તિએ વાઘના ગળે ઘંટ બાંધ્યો હોય, તેણે જ આ ઘંટ છોડવો જોઈએ. નવી ટેરિફ નીતિમાં ટ્રમ્પના ઓચિંતા યુ-ટર્ન સંદર્ભે ચીને જણાવ્યુ હતું કે, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓને રાહત મળી છે, પરંતુ અન્ય ચાઈનિઝ ઉત્પાદનો પર ૧૪૫ ટકા ટેરિફ લાગે છે. જેથી ટેરિફ સંદર્ભે હાલની સ્થિતિનું મૂલ્યાંકન હજુ ચાલી રહ્યું છે. અમેરિકાએ ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાગુ કર્યા પછી ચીને પણ અમેરિકાના સામાન પરની ટેરિફ ૮૪ ટકાથી વધારી ૧૨૫ ટકા કરી દીધી હતી. ટ્રમ્પે નવી ટેરિફ નીતિમાં યુરોપ અને ભારત સહિત ૭૫ દેશોને ૯૦ દિવસની મહોલત આપી હતી, પરંતુ ચીન પ્રત્યેનું વલણ બદલ્યું ન હતું.

# તંત્રી લેખ......

## ઈંધણમાં જકાત વધારો સરકાર લોકોનું વિચારે

વિશ્વમાં પલટાઈ રહેલા આર્થિક સમીકરણો વચ્ચે ક્રૂડતેલના ભાવો નીચા રહ્યા છે, પણ ભારત સરકારે પેટ્રોલ અને ડીઝલના પરની આબકારી જકાતમાં લિટરે બે-બે રૂપિયા અને રાંધણગેસમાં ૫૦ રૂપિયાનો વધારો કરીને પેટ્રોલિયમ પેદાશોના ભાવોમાં રાહતની આશા પર પાણી ફેરવી દીધું છે. જકાત વધારાની જાહેરાત સાથે ઈંધણના ભાવ વધશે એવી અટકળો સરકારે તાબડતોબ નકારીને આ વધારાની વપરાશકારોની ઉપર કોઈ અસર પડશે નહીં. જો કે, આ વહેવારમાં એક કડવી વાસ્તવિકતા એ સામે આવી રહી છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવો ચાર વર્ષની નીચલી સપાટીએ છે, ત્યારે ખેરખર તો ઈંધણની કિંમતોમાં ઘટાડો કરીને નાગરિકોને તેનો લાભ અપાવો જોઈએ, પણ ભાવો ઘટે તો સરકારની વેરાની આવક ઘટી જાય એટલે પોતાની આવકને વધારવા સરકારે જકાત વધારી છે. પેટ્રોલ અને ડીઝલના વેચાણ ભાવોમાં સૌથી વધુ હિસ્સો સરકારી વેરાનો રહ્યો છે. આજે આ બન્ને ઈંધણના ભાવો લિટરે ૧૦૦ રૂપિયાને આંબી રહ્યા છે. આ ઊંચા ભાવોને લીધે સમાન્ય નાગરિકોથી માંડીને ઉદ્યોગ જગત પોતાના બજેટ પર મોટો બોજો અનુભવતો રહ્યો છે. પણ સરકાર પોતાની આવક અને બજેટને જાળવવાની બાબતને સતત પ્રાધાન્ય આપીને વેરા અને જકાત વધારતી જાય છે. સરકારે આ વખતે એવો ખુલાસો કર્યો છે કે, હાલના કપરા આર્થિક સંજોગોમાં આ વધારાથી આવક ઊભી કરવામાં મદદ મળી શકશે. આ અગાઉ ૧૦ વર્ષ પહેલાં જકાત વધારાઈ હતી, ત્યારે એવું કારણ અપાયું હતું કે, આ રકમથી ક્રૂડ તેલનો તાકીદનો જથ્થો એકઠો કરવામાં આવશે, પણ તે પછી સરકારે આ વેરામાં સતત વધારો કર્યો છે. વાસ્તવિકતા એ છે કે, સરકાર તેની સગવડતા મુજબ અને રાજકીય જરૂરત અનુસાર ઈંધણના ભાવોમાં વેરાની વધઘટ કરી છે. લોકસભાની ચૂંટણી હોય કે પછી કોઈ ચાવીરૂપ રાજ્યની વિધાનસભાની ચૂંટણી હોય મતદારોને રિઝવવા જકાતમાં ઘટાડો પણ કર્યો છે. વળી, અર્થશાસ્ત્રનો સાદો સિદ્ધાંત રહ્યો છે કે, ઈંધણના ભાવો વધવાથી મોંઘવારી પણ વધી જાય છે. એક તરફ સરકાર સામે મોંઘવારીને કાબૂમાં લેવાનો પડકાર દિવસોદિવસ મુશ્કેલ બની રહ્યો છે, તો પણ પોતાની આવકને વધારવાની વેતરણમાં આ ભાવોને ઘટાડવાની કોઈ પહેલ કરાતી નથી. આમ તો દેશના ઈંધણના ભાવોને વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવોને અનુરૂપ રાખવાની નીતિ સરકારે જાહેર કરેલી છે, પણ તેમાં હવે પોતાની સગવડતા મુજબ ફેરફાર કરતો રહ્યો છે. ક્રૂડ તેલના ભાવો વધે એટલે ઈંધણની કિંમત વધારી નાખતી સરકાર ભાવો ઘટે ત્યારે વેરા વધારીને કિંમતો ઓછી કરવાનું આબાદ ટાળી નાખે છે. ખરેખર તો સરકારે તેની સ્વાર્થી નીતિની ત્યજીને લોકભોગ્ય વલણ પર ધ્યાન આપવાની જરૂરત છે. આ વખતે જકાતમાં લિટરે બે રૂપિયાનો વધારો કરવાને બદલે કિંમતમાં એટલી રાહત આપી હોત તો મોંઘવારીને કાબૂમાં લેવાનો પડકાર હળવો બની શક્યો હોત અને લોકોના બજેટમાં હળવાશ આવી શકી હોત. સરકારે આ બાબતે નવેસરથી વિચાર કરવાની ખાસ જરૂરત છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર સોના-ચાંદીમાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૨૯૫ નરમ, ચાંદીનો વાયદો રૂ.૭૨૮ તેજ

**આંબેડકર જયંતી નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધઃ બીજું સત્ર રાબેતા મુજબ ચાલુઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬૩ની વૃદ્ધિઃ નેચરલ ગેસમાં મામૂલી સુધારોઃ કોટન-ખાંડી વાયદો રૂ.૯૦ ઘટ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૬૨.૯૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૦૮૧.૫૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૩૩.૯૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૧૫૮૨ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે જાહેર રજા હોવાથી સાંજે પાંચ વાગ્યા સુધીનું પ્રથમ સત્ર બંધ રહ્યું હતું, જ્યારે સાંજે પાંચ વાગ્યાથી બીજું સત્ર રાબેતા મુજબ ચાલુ રહ્યું હતું. બીજા સત્રમાં સાંજે ૫-૩૦ વાગ્યા સુધીમાં એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૧૪૫.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૬૨.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૦૮૧.૫૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૫૮૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૩૨.૪ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૧૩૩.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૫૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૫૭૮ અને નીચામાં રૂ.૯૩૩૩૦ના મથાળે અથડાઈ, રૂ.૯૩૭૪૫ના આગલા બંધ સામે રૂ.૨૯૫ ઘટી રૂ.૯૩૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૭૫ ઘટી રૂ.૭૪૭૯૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧ ઘટી રૂ.૯૩૭૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૦ ઘટી રૂ.૯૩૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૬૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૩૬૮૯ અને નીચામાં રૂ.૯૩૧૪૦ના મથાળે અથડાઈ, રૂ.૯૩૫૮૧ના આગલા બંધ સામે રૂ.૩૩૫ ઘટી રૂ.૯૩૨૪૬ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૯૪૭૪૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૦૮૧ અને નીચામાં રૂ.૯૪૭૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૯૪૨૮૬ના આગલા બંધ સામે રૂ.૭૨૮ વધી રૂ.૯૫૦૧૪ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૬૯૯ વધી રૂ.૯૫૦૦૪ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૬૯૯ વધી રૂ.૯૫૦૧૦ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૨૭૦.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૭ વધી રૂ.૮૪૬.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૧ ઘટી રૂ.૨૫૩.૬ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૨૩૫.૭ થયો હતો. સીસું એપ્રિલ વાયદો ૩૦ પૈસા વધી રૂ.૧૭૮.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૭૦૬.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.૫૩૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૭૭ અને નીચામાં રૂ.૫૩૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૦૨ના આગલા બંધ સામે રૂ.૬૩ વધી રૂ.૫૩૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૬૨ વધી રૂ.૫૩૬૩ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ ૬૦ પૈસા વધી રૂ.૩૦૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૭૦ પૈસા વધી રૂ.૩૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં કોટન ખાંડી મે વાયદો ખાંડીદીઠ રૂ.૯૦ ઘટી રૂ.૫૪૪૧૦ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૯૯.૩૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૩૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૭૩.૭૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૫.૦૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૮.૩૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૬૩.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૨.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૫૪૪.૧૫ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૪૮૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૦૦૮૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૨૯૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૯૩૦૮૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૪૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૩૦૩૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૦૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૧૨૬૯ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૨૪૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૭૪૫૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૧૫૩૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૧૫૮૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૧૫૩૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫ પોઈન્ટ વધી ૨૧૫૮૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯ વધી રૂ.૭૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫ પૈસા ઘટી રૂ.૧૭ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૬.૫ ઘટી રૂ.૧૧૬૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૬૬૦ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૨ વધી રૂ.૧૮.૯૯ થયો હતો. જસત એપ્રિલ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૦.૯૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૬.૬ ઘટી રૂ.૬૪.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૧.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૫૯૬ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૮૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૫ ઘટી રૂ.૧૧.૮ના ભાવે બોલાયો હતો.

### ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર ખાતે

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં તુરી બારોટ સમાજનો માતૃ-પિતૃ વંદના, ભીમ ડાયરો તથા સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં તુરી બારોટ સમાજના માતૃ-પિતૃ વંદના, ભીમ ડાયરો તથા સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિવેણી કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે તુરી બારોટ સમાજની મોબાઈલ એપ્લિકેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબે આપેલા બંધારણના અંગીકરણના ૭૫ વર્ષ આ વર્ષે થાય છે, એટલે એક અર્થમાં આ વર્ષની તેમની જયંતિ આપણા સૌ માટે વિશેષ અવસર છે. આપણું બંધારણ જે દેશના દરેક નાગરિક માટે ધર્મગ્રંથ ગણાય તેવું છે, તેમાં બાબાસાહેબે સૌને એક, સંગઠિત અને શિક્ષિત બનીને વિકાસ માટેનું દિશાદર્શન આપ્યું છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ મંત્રથી વિકસિત ભારતની દિશા આપી છે. આજે ૧૩૪મી આંબેડકર જયંતિએ તુરી બારોટ સમાજ સેવા સંઘના આ આયોજનમાં પણ વડાપ્રધાનશ્રીનો મંત્ર સાકાર થયો છે. મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવતા કહ્યું કે, આજે અહીં માતૃ-પિતૃ વંદના, ભીમ ડાયરો અને તુરી બારોટ સમાજના તેજસ્વી છાત્રોના સન્માનનો ત્રિવેણી સંગમ થયો છે. તુરી બારોટ જ્ઞાતિ તો પરંપરાગત કલા, સંસ્કૃતિના વારસાને જાળવવાનું કામ કરતી જ્ઞાતિ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી વિરાસતોનું ગૌરવ કરીને વિકાસનો મંત્ર 'વિકાસ ભી વિરાસત ભી'થી આપ્યો છે. તૂરી બારોટ સમાજ તો પ્રાચીનકાળથી જ આવી સંગીત સહિત અનેક કલાવિદ્યાની વિરાસતનું ગૌરવ ધરાવે છે. એવી કહેવત છે કે તૂરી સમાજનું બાળક રડે તો પણ રાગમાં રડે. લોકજીવનમાં આવી કહેવતો સદીઓના અનુભવ પછી ઊતરતી હોય છે. આ કહેવત કલા પ્રત્યે તમારા સમાજની સાધના અને સમર્પણ દર્શાવે છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

એક સમયે આપણે ત્યાં જ્યારે ટીવી, રેડિયો, સિનેમા જેવા આજના જમાનાના મનોરંજનના સાધનો ન હતા ત્યારે આ સમાજે લોકોને ભવાઈ અને ડાયરા દ્વારા લોક મનોરંજન પૂરું પાડ્યું છે. એક તરફ કલાસાધના કરી છે, તો બીજી તરફ સમાજના ઘણા પરિવારોએ ચોપડા, રેકર્ડ રાખવાનું-ઈતિહાસ સંવર્ધનનું કાર્ય પણ કર્યું છે. તુરી બારોટ સમાજ પરંપરાને જાળવીને પ્રગતિના માર્ગે અગ્રેસર બન્યો છે. આજનો આ કાર્યક્રમ તેનું જીવંત ઉદાહરણ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ડાયરા તો ગુજરાતીઓ માટે મનોરંજન સાથે જનજાગૃત્તિનું ઉત્તમ માધ્યમ રહ્યા છે. ભીમ ડાયરો બાબાસાહેબની સ્મૃતિને એમના જીવનસંઘર્ષને એમણે આ દેશ માટે કરેલા બલિદાનને વંદન કરવાનો અવસર છે. બાબાસાહેબની વંદનાના આ આંબેડકર જયંતિના અવસરે આપણે સૌ વિકસિત ભારતના નિર્માણ માટે રાષ્ટ્રવંદનાનો સંકલ્પ લઈએ એ જ બાબાસાહેબને આપેલી સાચી અંજલિ છે.

તેમણે ઉમેર્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીએ આપેલા નવ સંકલ્પો સાકાર કરવા માટે આપણે પ્રતિબદ્ધ થઈએ. કેચ ધ રેઈન દ્વારા જળસંચય કરવા, એક પેડ માં કે નામ દ્વારા ગ્રીન કવર વધારવા, સ્વચ્છતા અને સ્વસ્થતા માટેના અભિયાનો તથા પ્રાકૃતિક ખેતી, વોકલ ફોર લોકલના મંત્રથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને યોગ તથા રમતગમતને જીવનનો ભાગ બનાવી રોગમુક્ત જીવનશૈલી માટેની હાકલ વડાપ્રધાનશ્રીએ કરી છે તેમજ દેશદર્શન દ્વારા પ્રવાસનને વેગ આપવા અને દેશના ભવ્ય વારસા પર ગૌરવ કરવાનો સંદેશો પણ તેમણે આપ્યો છે.

તુરી બારોટ સમાજ પરંપરાગત રીતે વારસા-વિરાસતનું ગૌરવ અને સંવર્ધનનું કાર્ય કરતો આવ્યો છે. લોકજાગૃતિના કાર્યો દ્વારા એક રીતે આ સમાજે રાષ્ટ્ર સેવામાં પણ યોગદાન આપ્યું છે. વિકસિત ભારત માટેના તમામ સંકલ્પો જનભાગીદારીથી પાર પાડવામાં અને વધુને વધુ લોકો સુધી આ સંકલ્પોનો સંદેશ પહોંચાડવામાં તુરી બારોટ સમાજ સક્રિય યોગદાન આપશે, એવો મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તુરી બારોટ સમાજ સંમેલન પ્રસંગે વિશેષ ઉપસ્થિત આરોગ્ય અને કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આ કળિયુગના સમયમાં સંગઠન એ જ શક્તિ છે, આ સંગઠનની શક્તિ વિના કોઈપણ સમાજને વિકાસની હરણફાળ ભરવી હોય તો તે ખૂબ મુશ્કેલ છે. અંધકારમય યુગમાં ડૉ. બાબાસાહેબે શિક્ષણની જ્યોત પ્રગટાવી હતી, તેમ જણાવતા ઉમેર્યું હતું કે, કોઈ પણ સમાજે પ્રગતિના પંથે આગળ વધવું હોય તો શિક્ષણ સિવાય કોઈ આરો નથી. શિક્ષણના માધ્યમથી આગળ વધો, સફળ બનો, પછી પાછા વળી સમાજના એ લોકોને સહાય ચોક્કસ કરો જેને આગળ વધવામાં તમારી મદદની જરૂર છે. આ સાથે જ તેમણે સમાજ દ્વારા આયોજિત માતૃપિતૃ વંદનાના સુંદર કાર્યક્રમને બિરદાવતા જણાવ્યું હતું કે, માતા પિતાનું મન દુભાવવું એટલે ભગવાનને નારાજ કરવા એમ સમજવું. સમાજમાં શિક્ષણ સાથે આવા આયોજનો દ્વારા સંસ્કૃતિ અને સંસ્કારોનું પણ રક્ષણ થાય તે ખૂબ જરૂરી છે.

આ પ્રસંગે તુરી બારોટ સમાજના પ્રમુખ ડો. શૈલેશભાઈ તૂરીએ સ્વાગત પ્રવચનમાં સમાજનો વિસ્તૃત પરિચય આપતા જણાવ્યું હતું કે, તૂરી બારોટ સમાજ ખૂબ લાંબા સમયથી લોકોને ભવાઈ અને નાટક જેવા કાર્યક્રમો થકી મનોરંજન સાથે હાસ્ય લાવવાનું કામ કરે છે. તૂરી બારોટ સમાજ સેવા સંઘ છેલ્લા ૨૫ વર્ષોથી કાર્યરત છે, જેમાં સમાજના અંદાજે એક લાખ જેટલા લોકો જોડાયેલા છે. આ સમાજ દ્વારા ૬ જેટલા સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પાટણ લોકસભા સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, સંગઠન મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, સંગઠનના પ્રદેશ પ્રવક્તા શ્રી જયરાજસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ મારૂ, તુરી બારોટ સમાજના પ્રમુખ ડો. શૈલેશભાઈ તુરી, પૂર્વ પ્રમુખ શ્રી આર.એમ.જાદવ, આઈ.એમ.એ.ના પ્રમુખ ડો. અનિલભાઈ નાયક, ડો. હર્ષદભાઈ વૈદ, ડો. નિપુલભાઈ નાયક, ડો. હિમાંશુભાઈ પટેલ સહિત સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# અક્ષર પટેલને BCCIએ રૂ.૧૨ લાખનો દંડ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

રોમાંચક મેચમાં ગઈકાલે દિલ્હી કેપિટલ્સનો હોમ ગ્રાઉન્ડ અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે 12 રનથી પરાજય થયો. આ વર્તમાન સિઝનમાં દિલ્હીનો પહેલો પરાજય હતો અને દુઃખની વાત એ છે કે આ હારનો સ્વાદ પણ તેણે હોમ ગ્રાઉન્ડમાં ચાખવો પડ્યો. દરમિયાન આ મેચમાં હાર બાદ કેપ્ટન અક્ષર પટેલને વધુ એક મોટો ઝટકો લાગ્યો. બીસીસીઆઈએ આરસીબીના કેપ્ટન રજત પાટિદાર અને સંજુ સેમસન જેવી ભૂલનું પુનરાવર્તન કરવા બદલ હવે દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલને દંડ ફટકાર્યો છે. અક્ષર પટેલની ભૂલ એ હતી કે દિલ્હીની ટીમે 20 ઓવર નાખવા માટે નિર્ધારિત સમય કરતાં વધુ સમય લીધો. આ જ કારણે સ્લો ઓવર રેટના કારણે BCCIએ તેમના પર 12 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.BCCI ની પ્રેસ રિલીઝ અનુસાર, દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલ એ કલમ 2.2 હેઠળ IPL ના નિયમોનું ઉલ્લંઘન કરવાનો દોષિત ઠેરવવામાં આવ્યો હતો. અરુણ જેટલી સ્ટેડિયમમાં મુંબઈ સામેની મેચ નંબર 29 દરમિયાન દિલ્હીએ ધીમો ઓવર રેટ જાળવી રાખ્યો હતો. અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ સામેની એક મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુના કેપ્ટન રજત પાટીદારને સજા મળી હતી. BCCIએ પાટીદારને પણ આ રીતે દંડ ફટકાર્યો હતો. ત્યારે IPL 2025ની 20મી મેચમાં બેંગલુરુએ મુંબઈ પર 12 રનથી રોમાંચક જીત હાંસલ કરી હતી. તેમ છતાં શાનદાર જીત બાદ બેંગલુરુના કેપ્ટન પાટીદાર પર મેચ દરમિયાન IPLના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. BCCIએ રજત પાટિદાર પર સ્લો ઓવર રન રેટના કારણે દંડ ફટકાર્યો હતો. ખુદ સંજુ સેમસન પણ રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હોવા છતાં એકથી વધુ વખત સ્લો ઓવર રેટ માટે દંડાઈ ચૂક્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ઈઝરાયલી પ્રમુખ નેતન્યાહૂ મેક્રોન પર બગડ્યાં

# ફ્રાન્સે પેલેસ્ટાઈનને માન્યતા આપવાની તૈયારી કરતાં ઈઝરાયલ લાલઘુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસાલેમ

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ રવિવારે ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન પર આકરા પ્રહાર કર્યા હતા. મેક્રોને એક નિવેદન આપતા કહ્યું હતું કે, ફ્રાન્સ પેલેસ્ટાઈનને માન્યતા આપવાની યોજના પર કામ કરી રહ્યું છે. હવે તેમના આ નિવેદન પર નેતન્યાહૂ ભડકી ગયા છે. નેતન્યાહૂ પહેલા તેમના પુત્ર યાયર નેતન્યાહૂએ પણ ફ્રાન્સ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે, મેક્રોને એ વિચાર છોડી દેવો જોઈએ. કારણ કે જો તેઓ પેલેસ્ટાઈનને માન્યતા આપશે તો આરબ દેશો ઈઝરાયલને માન્યતા આપવા તૈયાર થઈ જશે. નેતન્યાહૂએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, પ્રમુખ મેક્રોન અમારી ધરતીના એક કેન્દ્ર પર પેલેસ્ટિનિયન રાજ્યના વિચારને પ્રોત્સાહન આપવા માગે છે. તેમનો આ વિચાર ખૂબ જ ખોટો છે. પેલેસ્ટાઈન એક એવું રાજ્ય હશે જેની એકમાત્ર ઈચ્છા ઈઝરાયલનો વિનાશ કરવાનો છે અને અમે આવું થવા નહીં દઈશું નહીં. નેતન્યાહૂએ ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પર કરવામાં આવેલા હમાસના હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, આજ સુધી હમાસ કે પેલેસ્ટાઈન સાથે સંબંધિત કોઈ પણ વ્યક્તિ કે સંગઠને યહૂદીઓ પર કરવામાં આવેલા તે ભયાનક હુમલા અને નરસંહારની નિંદા નથી કરી નથી. આ જ વાસ્તવિકતા છે, જે ઈઝરાયલ પ્રત્યેના તેમના વલણને દર્શાવે છે. તેને માન્યતા આપીને આપણે આ જ માનસિકતાને પ્રોત્સાહન આપીશું. ઈઝરાયલના વડાપ્રધાને કહ્યું કે, અમે કોઈ ભ્રમ કે પાયાવિહોણી યોજના માટે અમારા અસ્તિત્વને જોખમમાં ન મૂકી શકીએ. કોઈ ગમે તે કહે પરંતુ ઈઝરાયલ એક દેશ તરીકે પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપના અંગેના કોઈપણ નૈતિક વાતોનો સ્વીકાર નહીં કરશે. ખાસ કરીને એવી બાબતો જે ઈઝરાયલના અસ્તિત્વ માટે જોખમી હોય. ફ્રાન્સ પર નિશાન સાધતા નેતન્યાહૂએ કહ્યું કે, કોર્સિકા, ન્યુ કેલેડોનિયા, ફ્રેન્ચ ગુયાના અને અન્ય પ્રદેશોને સ્વતંત્રતા આપવાનો વિરોધ કરનારાઓ પાસેથી તો અમે બિલ્કુલ જ્ઞાન નહીં લઈશું. આવા લોકોને નિવેદનો આપવાનો કોઈ અધિકાર નથી. ઈઝરાયલની આ ટિપ્પણી ફ્રાન્સ પ્રમુખના એ ઈન્ટરવ્યુ પછી આવી છે જેમાં તેમણે કહ્યું હતું કે, ફ્રાન્સ નજીકના ભવિષ્યમાં પેલેસ્ટાઈનને એક રાજ્ય તરીકે માન્યતા આપવા તરફ આગળ વધી રહ્યું છે.

# યુરોપનાં ડેરી ઉત્પાદનો, માંસની આયાત પર UKનો પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈંગ્લેન્ડ

બ્રિટન સરકારે યુરોપિયન યુનિયન (EU)ના તમામ દેશોમાંથી માંસ અને ડેરી ઉત્પાદનોની વ્યક્તિગત આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારે આ નિર્ણય એટલા માટે લીધો છે કે કારણ કે ફુટ-એન્ડ-માઉથ ડિસીઝ (એક ગંભીર અને ઝડપથી ફેલાતી વાયર બીમારી છે, જે મુખ્યત્વે ગાય, ડુક્કર, ઘેટાં, બકરા અને હરણ સહિતના પ્રાણીઓને અસર કરે છે) સમગ્ર ખંડમાં ફેલાઈ રહ્યો છે. જેથી યુકેમાં પ્રવેશતા મુસાફરોને હવે બધા EU દેશોમાંથી ગાય, ઘેટાં, બકરા, ડુક્કરનું માંસ અને ડેરી ઉત્પાદનો વ્યક્તિગત ઉપયોગ માટે લાવવાની મંજૂરી નહીં અપાય. આ પગલાનો હેતુ બ્રિટિશ પશુધનના સ્વાસ્થ્ય, ખેડૂતોની સુરક્ષા અને યુકેની ખાદ્ય સુરક્ષાનું રક્ષણ કરવાનો છે. મુસાફરોએ આ વસ્તુઓને બોર્ડર પર સોંપી દેવી પડશે. ગંભીર કિસ્સાઓમાં ઉલ્લંઘન કરનારાઓને ઈંગ્લેન્ડમાં 5,000 પાઉન્ડ (6,550 યુએસ ડોલર) સુધીનો દંડ થઈ શકે છે.આ વર્ષની શરૂઆતમાં યુકે સરકારે જર્મની, હંગેરી, સ્લોવાકિયા અને ઑસ્ટ્રિયામાંથી ગાય, ઘેટાં અને ડુક્કરનું માંસ તેમજ ડેરી ઉત્પાદનોની વ્યક્તિગત આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો, કારણ કે આ દેશોમાં ફૂટ એન્ડ માઉથ રોગ ફેલાવાની પુષ્ટિ થઈ હતી. નવા પ્રતિબંધો હવે બધા EU દેશો પર લાગુ પડે છે.

# અમેરિકા સાથેની વાતચીત રચનાત્મક રહી છેઃ ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાનના વિદેશ મંત્રાલયના કહ્યું છે કે ઓમાનની રાજધાની મસ્કતમાં બંને પક્ષો વચ્ચે રચનાત્મક માહોલમાં અપ્રત્યક્ષ વાતચીત સંપન્ન થઈ છે. હવે પછી ઈરાન અને અમેરિકા વચ્ચે ૧૯મી એપ્રિલે બીજા તબક્કાની વાતચીત માટે આયોજન થશે. ઈરાનના વિદેશમંત્રી સઈદ અબ્બાસ અરાઘચી અને મધ્યપૂર્વમાં અમેરિકાના વિદેશ દૂત સ્ટીવ વિટકોફની વચ્ચે લગભગ અઢી કલાક વાતચીત થઈ, જે તેહરાનના પરમાણુ મુદ્દા અને પ્રતિબંધોમાં છૂટ આપવા પર કેન્દ્રિત હતી.

### ટ્રેડવૉર વચ્ચે Goldman Sachsની ભવિષ્યવાણી

# રૂ.૧.૩૦ લાખને પાર જશે ૧૦ ગ્રામ સોનાની કિંમત!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક સ્તરે ટેરિફ અને ટ્રેડવૉરની અનિશ્ચિતતાઓના કારણે કિંમતી ધાતુની માગ સતત વધી છે. સોનાનો ભાવ રોજ નવી રેકોર્ડ ટોચ નોંધાવી રહ્યો છે. શનિવારે અમદાવાદમાં સોનું રૂ. ૯૬૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે પહોંચ્યું હતું. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ અને એમસીએક્સ ગોલ્ડ પણ સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું હતું. સોનામાં આકર્ષક તેજી વચ્ચે ગોલ્ડમેન સાસે રિપોર્ટ રજૂ કર્યો છે, જેમાં સોનાનો ભાવ વૈશ્વિક સ્તરે ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસ (રૂ. ૧,૩૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ) થવાનો અંદાજ આપ્યો છે. ગોલ્ડમેન સાસના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડવૉર અને મંદીના ભયના કારણે સોનાનો ભાવ ૨૦૨૫ના અંત સુધી ૪૫૦૦ ડોલર પ્રતિ ઔંસ થઈ શકે છે. અગાઉ તેણે ૩૭૦૦ ડોલર પ્રતિ ઔંસનો લક્ષ્યાંક આપ્યો હતો. ત્રીજી વખત ગોલ્ડમેન સાસે સોનાના લક્ષ્યાંક ભાવમાં વધારો કર્યો છે. અગાઉ માર્ચની શરૂઆતમાં ૩૩૦૦ ડોલર પ્રતિ ઔંસનો ટાર્ગેટ મૂક્યો હતો. અમદાવાદમાં આજે સોનાનો ભાવ તેની ઐતિહાસિક ટોચથી રૂ. ૫૦૦ ઘટી રૂ. ૯૬૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ક્વોટ થયો હતો. જ્યારે ચાંદીનો ભાવ રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૯૫૫૦૦ પ્રતિ કિગ્રા થયો હતો. ઊંચા ભાવોના કારણે બુલિયન માર્કેટમાં રિટેલ ઘરાકીનો અભાવ જોવા મળ્યો હતો. જ્યારે જૂના ગ્રાહકોએ પ્રોફિટ બુક કર્યો હતો.

ગોલ્ડ ઈટીએફ ઓલટાઈમ હાઈ થતાં રોકાણકારો મોટાપાયે પ્રોફિટ બુક કરતાં જોવા મળ્યા છે. માર્ચમાં રૂ. ૭૭.૨૧ કરોડની વેચવાલી જોવા મળી હતી. ફેબ્રુઆરીમાં ૧૯૭૯.૮૪ કરોડનું રોકાણ નોંધાયુ હતું. માર્ચને બાદ કરતાં સળંગ દસ મહિનાથી ગોલ્ડ ઈટીએફમાં રોકાણ નોંધાયા બાદ માર્ચમાં વેચવાલી નોંધાઈ હતી. માર્ચમાં ગોલ્ડ ઈટીએફમાં ૫.૬૭ ટકાથી ૬.૯૨ ટકા સુધી રિટર્ન છૂટ્યું હતું.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ગુજરાત ડ્રગ્સ દાણચોરીનુ પ્રવેશદ્વાર: ૧૮૦૦ કરોડનુ ડ્રગ્સ ઝડપાતા કોંગ્રેસના ભાજપ પર પ્રહાર




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના દરીયાકાંઠે થી ૧૮૦૦ કરોડનુ ડ્રગ્સ ઝડપાતા કોંગ્રેસે ભાજપ પર પ્રહાર કર્યા છે. ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શકિતસિંહ ગોહિલે ગુજરાતને ડ્રગ્સ દાણચોરીનુ પ્રવેશદ્વાર ગણાવ્યુ છે. આ સાથે જ ડ્રગ્સ પાછળ ભ્રષ્ટાચાર અને હપ્તાખોરીને પણ સામાજિક પ્રવૃત્તિ વધવા પાછળ જવાબદાર ઠેરવી હતી. ગુજરાત કોગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શકિતસિહ ગોહીલે સોશીયલ મીડીયા એકસ પર પોસ્ટ કરતા કહ્યુ કે ગઈ રાત્રીના ગુજરાતના દરીયા કિનારે થી ૧૮૦૦ કરોડનુ ૩૦૦ કિલો ડ્રગ્સ ઝડપાયું, ગુજરાત ડ્રગ્સ દાણચોરીનુ પ્રવેશદ્વાર બની ગયુ છે. ગુજરાતના દરીયામાંથી અવાર નવાર નશીલા પદાર્થો ઝડપાતા હોય છે. યુવા ધનને બરબાદ કરનાર ડ્રગ્સ ના વેપારને રોકવામાં સરકાર સંપૂર્ણ નિષ્ફળ રહી છે. ડ્રગ્સની હેરાફેરી કરનારના ભુતકાળમાં બીજેપી નેતાઓ સાથેના કનેકશન ઉજાગર થયા છે. ગુજરાતના ભવિષ્ય એવા યુવાનો અંગે ચિંતાનો વિષય છે. ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી અસામાજિક પ્રવૃત્તિઓ વધવાનુ કારણ છે. ગુજરાત કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશીએ પણ આ મામલે પોતાની પ્રતિક્રિયા આપી હતી, મનિષ દોશીએ જણાવ્યુ હતુ કે ગુજરાત ડ્રગ્સનુ પ્રવેશદ્વાર બની ગયુ છે. ડ્રગ્સ બનાવવાના કારખાના ચાલી રહ્યા છે. કરોડો રૂપીયાનુ ડ્રગ્સ ગુજરાતમાં ઠલવાય છે અને ભાજપ સરકાર વાહવાહી કરી રહ્યુ છે. અજાણ્યા શખ્સો ડ્રગ્સ નાખી દે તેવુ સામે આવે છે, પણ તેમના આકાઓ કેમ પકડાતા નથી ? નશાની આગમાં યુવા ધન બરબાદ થઈ રહ્યુ છે. ખાનગી બંદર પરથી અનેક વખત હજારો કિલો ડ્રગ્સ પકડાય છે પણ તેની કોઈ તપાસ કેમ થતી નથી ? ડ્રગ્સ ની સીન્ડીકેટને નેતૃત્વ કોણ આપે છે તેની તપાસ થવી જોઈએ. ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ભારતીય જળસીમામાંથી ૧૮૦૦ કરોડની કિંમતના ૩૧૧ પેકેટ્સ માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પાકિસ્તાનના ફીદા નામના ડ્રગ્સ માફીયાનો જથ્થો તામિલનાડુ ના એક શખ્સને આપવામાં આવવાનો હતો. ભારતીય તપાસ એજન્સી ને જોઈને પાકિસ્તાની બોટમાં રહેલા શખ્સ દરીયામાં ડ્રગ્સ નાખીને ભાગી ગયા હતા. તપાસ એજન્સીઓએ તપાસ કરતા તેમાંથી ૩૧૧ પેકેટ્સ માદક પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૮૦૦ કરોડ રૂપીયા જેટલી થવા જાય છે. ગુજરાત એટીએસે ૨૦૧૮ થી ૨૦૨૫ સુધી ૮ વરસમાં ૧૦ હજાર કરોડથી વધુનો માદક પદાર્થ જપ્ત કર્યો છે.

# રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસમાં ફેરફાર : અમદાવાદમાં નિરીક્ષકો સાથે બેઠક અને મોડાસામાં સંગઠન અભિયાનનો પ્રારંભ




પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના વરીષ્ઠ નેતા રાહુલ ગાંધી આજથી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે અને તેમાં પ્રવાસના કાર્યક્રમમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર ના નકકી કરાયેલા કાર્યક્રમ મુજબ તેઓ આજે ૧૫ એપ્રિલે અમદાવાદ સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે એઆઈસીસી ના ૪૩ મુખ્ય નિરીક્ષકો, ૭ સહ નિરીક્ષકો અને ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિઓ સાથે ઓરીયન્ટેશન બેઠક યોજશે. ત્યારબાદ આવતી કાલે ૧૬ એપ્રિલે અરવલ્લી જિલ્લાના મોડાસામાં સંગઠન સર્જન અભિયાનના પાયાનો પથ્થર મુકી કાર્યકરો સાથે સંવાદ કરશે. અગાઉ બંને દિવસ માટે મોડાસામાં કાર્યક્રમ નકકી કરવામાં આવ્યા હતા પરંતુ હવે તેમાંથી એક દિવસ અમદાવાદ માટે ફાળવવામાં આવ્યો છે. કોંગ્રેસે ગુજરાતમાં ભાજપ સામે મજબુત લડત માટે તૈયારી શરૂ કરી દીધી છે. રાષ્ટ્રીય અધિવેશન બાદ ઘોષિત ઠરાવોને અમલમાં મુકવા અને સંગઠન મજબુત કરવા માટે ૪૧ જિલ્લા પ્રમુખોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ માટે એઆઈસીસી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ૧૮૩ નેતાઓને નિરીક્ષક તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. વિશિષ્ટ માપદંડ અનુસાર જે આગેવાનો જિલ્લા કે રાજયસ્તરે અનુભવી છે જેમ કે પૂર્વ ધારાસભ્ય, પૂર્વ એમપી, શહેર પ્રમુખો અને પધ્ધતિશીલ સંગઠનના વડાઓ તેઓને પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. વધુમાં યુવા કોંગ્રેસે પણ ૧૨ એપ્રિલે ગુજરાતમાં ચુંટણી પ્રક્રિયા જાહેર કરી હતી. ૧૮ થી ૩૫ વરસની વયના યુવાનો માટે તબકકાવાર મેમ્બરશીપ અને ઉમેદવારી પ્રક્રિયા શરૂ થવાની છે. જેના માટે ઓનલાઈન નોંધણી ૨૧ થી ૩૦ એપ્રિલ સુધી ચાલુ રહેશે.

# આંગણવાડીનું મકાન ખાલી કરાવવા મુદ્દે મહિલા સરપંચના પતિની હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના ખંભાળિયામાં ગામના જ શખ્સે મહિલા સરપંચના પતિની હત્યા કરી નાંખી હોવાનો બનાવ સામે આવ્યો છે. એકાદ મહિના પહેલા ગામના એક શખ્સ સાથે આંગણવાડીના મકાન મુદ્દે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન થયેલા હૂમલામાં સરપંચના પતિને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડાયા હતાં. જ્યાં સારવાદ દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. સરપંચના પતિ અરવિંદ મકવાણાને ઈજા પહોંચી. પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢના ખંભાળિયામાં મારામારીનો બનાવ હત્યામાં પલટાયો હતો. ખંભાળિયા (ઓઝત)ના મહિલા સરપંચના પતિ સાથે ગામના જ એક શખ્સે પાનના ગલ્લા પાસે આંગણવાડીના મકાન મુદ્દે બોલાચાલી કરી હતી. ત્યારબાદ બંને વચ્ચે બોલાચાલી ઉગ્ર બનતાં સામે વાળા શખ્સે હૂમલો કર્યો હતો. આ હૂમલામાં મહિલા સરપંચના પતિ અરવિંદ મકવાણાને ઈજા પહોંચી હતી.ગામના જ શખ્સે આંગણવાડીનું મકાન ખાલી કરાવવા મુદ્દે હૂમલો કર્યો હતો. જેમાં અરવિંદ મકવાણાને ઈજાઓ પહોંચતા સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતાં. રાજકોટમાં સારવાર દરમિયાન તેમનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ સર્જાયો હતો. આંગણવાડીના મકાનને ખાલી કરાવવા મુદ્દે બોલાચાલી થતાં મામલો હૂમલા સુધી પહોંચ્યો હતો અને છેવટે તે હત્યામાં પરિણમ્યો હતો. વિસાવદર પોલીસે આ હત્યાના બનાવ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### તૈયારીઓનો થયો પ્રારંભ

# ૨૯ જૂને ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી ૨૯ જૂન ૨૦૨૫ના રોજ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા અમદાવાદમાં નીકળવાની છે. ત્યારે રથયાત્રાની તૈયારીનો પ્રારંભ થઈ ગયો છે. ત્યારે ચાલુ વર્ષે સરસપુર ખાતે ભગવાનના મોસાળમાં મામેરાના યજમાન તરીકે વાસણા વિસ્તારમાં રહેતા જાગૃતિબેન મનીષભાઈ ત્રિવેદીને લાભ મળ્યો છે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવી: મનીષ ત્રિવેદી

મામેરાના યજમાન એવા મનીષભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે સરસપુર ખાતે દર વર્ષે જે મામેરાનું આયોજન કરવામાં આવતું હોય છે, તેના કરતાં અલગ રીતે જ મામેરાનું આયોજન કરવામાં આવશે. છેલ્લા ૯ વર્ષથી રાહ જોતા હતા તે પળ અમારા ભાગ્યમાં આવી છે. સારામાં સારું મામેરું કરીશું એવી ભાવના છે. અમારા ત્યાં કથા હતી અને રામજીની પોથીમાં અમને સમાચાર મળ્યા કે મામેરાના ડ્રોમાં અમારું નામ ખુલ્યું છે, ત્યારે મારી આંખમાં હર્ષના આંસુ આવી ગયા હતા. ૧ કલાક અમારા આંસુ રોકાયા નહોતા. ત્રિવેદી પરિવારની બહેનો દીકરીઓએ નક્કી કર્યું આ વર્ષે ક્યારેક કોઈએ ના કર્યું હોય તેવું હટકે મામેરું અમે કરીશું. આવતીકાલ ૧૫ એપ્રિલથી મામેરાની તૈયારી શરૂ કરીશું. મારા બે બહેનો છે અને મારી એક બહેનનો ભાણિયો છે. ૯ વર્ષ પહેલા અમે સરસપુર દર્શન કરવા આવ્યા, ત્યારે મામેરુ કરવા અંગેનો અમને ભાવ થયો હતો અને ત્યારબાદ ત્યારે અમે નક્કી કર્યું હતું કે આપણે ભગવાનનું મામેરુ કરવું છે. ત્યારે તેમના ધર્મપત્ની જાગૃતિબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે ભગવાનનું મામેરુ કરવાનો અમને ખૂબ જ હરખ છે. આપણાં ભાણિયોનો પ્રસંગ હોય ને હરખ હોય તો આ તો જગતના નાથનો પ્રસંગ છે. અમે સોના ચાંદીના દાગીના વાઘા અલગ થીમ પ્રમાણેનું મામેરું કરીશું. મામેરાના વસ્ત્ર, આભૂષણ સહિતની વસ્તુઓ લોકો દર્શન કરી શકે તેના માટે ચાર દિવસનો કાર્યક્રમ પણ અમારા વાસણા ખાતે આવેલા ઘરે રાખવામાં આવશે. જાહેર જનતા અને લોકો સારી રીતે દર્શન કરી શકે તે રીતનો કાર્યક્રમ કરવામાં આવશે.

# ગુજરાતમાં બાળકોની તસ્કરી કરતી ગેંગ દિલ્હીમાં ઝડપાઈ : ૩૫ થી વધુ બાળકો વહેંચી નાખ્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાંથી નવજાત બાળકોને ચોરીને દિલ્હીમાં વેચવામાં આવતા હતા. દિલ્હી પોલીસે આંતરરાજય માનવ તસ્કરી કરતી ગેંગને ઝડપી લીધી છે.

ગેંગના ૩ સાગરીત ઝડપાયા છે તેમજ માસ્ટર માઈન્ડ લીડર સરોજ હાલમાં ફરાર છે. પોલીસને માનવ તસ્કરી ગેંગ પાસેથી એક નવજાત બાળક મળી આવ્યુ છે. ૫ થી ૧૦ લાખ માં શ્રીમંત પરીવારોને બાળકો વહેચી મારતા હતા જેમાં ગુજરાત અને રાજસ્થાન સરહદે થી આદિવાસી બાળકોની તસ્કરી કરવામાં આવતી હતી. રાજસ્થાનના પાલી વિસ્તારમાંથી વધુ બાળકો ને ચોર્યા હોવાનો પણ ખુલાસો થયો છે. અંજલી, યાસ્મીન અને જીતેન્દ્ર નામના આરોપીની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હીના શ્રીમંત પરીવારોને આ બાળકો વેચતા હતા. દિલ્હી પોલીસે આંતરરાજય માનવ તસ્કરી રેકેટ નો પર્દાફાશ કર્યો છે. પોલીસે માનવ તસ્કરી કરતી ગેંગના ૩ સભ્યોની ધરપકડ કરી છે. જેમાં ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાંથી નવજાત બાળકોને લાવીને દિલ્હીના શ્રીમંત પરીવારોને વેચતા હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે અંજલી, યાસ્મીન અને જીતેન્દ્ર નામના ૩ આરોપીઓ પાસેથી એક ૪ દિવસનુ નવજાત બાળક કબ્જે કર્યુ છે. તપાસમાં માનવ તસ્કરી ગેંગ લીડર સરોજ નામની મહિલાનુ નામ બહાર આવ્યુ છે. પોલીસે બાળમાનવની તસ્કરી કરતી ગેંગના અન્ય સાગરીતો અને બાળકો ખરીદનારા માતા પિતા સહિતના આરોપીઓને શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે. અત્યાર સુધીમાં આ ગેંગ દિલ્હી-એનસીઆર ના શ્રીમંત પરીવારોને ૩૫ થી વધુ બાળકો વેચી ચુકી છે.

### એકવા કંપનીમાં અચાનક આગ લાગી હતી

# પાનોલી GIDCમાં વિકરાળ આગ, સાત કલાક બાદ મેળવ્યો કાબુ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંકલેશ્વર

અંકલેશ્વરની પાનોલી GIDCમાં સોમવારે (૧૪મી એપ્રિલ) સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જલ એકવા કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં એક કામદારનું મોત નીપજ્યું છે. આગ એટલી વિકરાળ હતી કે, ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા હતા.

સમગ્ર ઘટનાની જાણ થતાં જ આઠ ફાયર વિભાગની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સુરક્ષાની દ્રષ્ટિએ કંપની તરફ જતા માર્ગને કોર્ડન કરી દેવામાં આવ્યો હતો. ફાયર વિભાગની ટીમના સતત સાત કલાક સુધી પ્રયાસ બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યા બાદ કુલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી તે સમયે એક મૃતદેહ મળી આવ્યો હતો.

આ મૃતદેહ કંપનીના કામદારનો છે અને ગંભીર રીતે દાઝી જતાં મોત નીપજ્યુ હોવાનું સામે આવ્યું છે. આ મામલે જીઆઈડીસી પોલીસે મૃતદેહનો કબજો મેળવી વધુ તપાસ હાથ ધરી છે. અનુસાર માહિતી મુજબ, અંકલેશ્વરની પાનોલી GIDCમાં આવેલી જલ એકવા કંપનીમાં અચાનક આગ લાગી હતી. આ આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ કે, કંપની બળીને ખાખ થઈ ગઈ છે, આ આગમાં મેજર કોલ જાહેર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તો પોલીસે પણ ઘટના સ્થળે જઈને વધુ તપાસ હાથ ધરી છે, ફાયર વિભાગની ગાડીઓ ઘટના સ્થળે પહોંચી છે. સમગ્ર પ્લાન્ટ આગની ઝપેટે આવી ગયો હતો અને આ ઘટનામાં કોઈ દુર્ઘટના સર્જાઈ નથી અને કોઈ ઈજાગ્રસ્ત પણ થયું નથી.

### સીએનજી ભઠ્ઠીવાળું મશીન ઊભું કરવામાં આવશે

# અમદાવાદના દાણીલીમડામાં પહેલી વાર બનશે ડોગ સ્મશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સૌ પ્રથમ ડોગ સ્મશાન શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા કરુણા મંદિર ખાતે બનવા જઈ રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ. ૩૦ લાખના ખર્ચે CNG ડોગ સ્મશાન બનાવવામાં આવશે. શહેરમાં મૃત પામતા કુતરાઓને સ્મશાન ખાતે લાવી તેની અંતિમ ક્રિયા કરવામાં આવશે. આવશે આ સ્મશાનમાં સીએનજી ભઠ્ઠી હોવાના કારણે એક સાથે બે ડોગની અંતિમ ક્રિયા થઈ શકશે. જે નાગરિકો પોતાના મૃત પેટ ડોગના અંતિમ સંસ્કાર કરવા માંગશે તેઓ પણ અહીંયા અંતિમ સંસ્કાર કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેના માટે આગામી સમયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નીતિ પણ નક્કી કરવામાં આવશે,બે વર્ષથી શહેરમાં ડોગ માટેનું સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા અંગે વિચારણા હાથ ધરવામાં આવી રહી હતી. શહેરથી દૂર ગ્યાસપુર નજીક ડોગ સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે ત્યારબાદ ડોગ સ્મશાન બનાવવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. તાજેતરમાં જ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા દ્વારા ડોગ સ્મશાન બનાવવાની લઈને સુચના આપવામાં આવી હતી. જેના પગલે દાણીલીમડા ખાતે આવેલા કરુણા મંદિરમાં જ્યાં ડોગ રિહેબ સેન્ટર બનાવવામાં આવ્યું છે ત્યાં જ ડોગ સ્મશાન બનાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. CNG ભઠ્ઠી વાળું ડોગ સ્મશાન બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે. રૂ. ૩૦ લાખના ખર્ચે ડોગસ સ્મશાન બનાવવામાં આવશે જે માટેનું નવું અત્યાધુનિક સીએનજી ભઠ્ઠીવાળું મશીન ઊભું કરવામાં આવશે. ૮૦ કિલોની ક્ષમતા ધરાવતું અંતિમ ક્રિયા માટેનું મશીન બનાવવામાં આવશે એક સાથે બે ડોગની અંતિમ ક્રિયા થઈ શકશે. નાગરિકોને પોતાના પેટ ડોગ માટે ખૂબ જ લાગણી હોય છે. ઘરમાં પરિવારના સભ્ય તરીકે પેટ ડોગને રાખતા હોય છે ત્યારે તેની અંતિમ ક્રિયા હવે ખૂબ જ સન્માન સાથે થાય તેવી આખી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ પેટ ડોગના રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પેટ ડોગના રજીસ્ટ્રેશન ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેમાં અત્યાર સુધીમાં ૫૦૦૦થી વધુ પેટ ડોગના રજીસ્ટ્રેશન થઈ ચૂક્યા છે આ ઉપરાંત મોટી સંખ્યામાં સ્ટ્રીટ ડોગ પણ આવેલા છે. છે મ્યુનિસિપલ કોર્પોરેશનને રોજના અંદાજે ૪૦થી ૫૦ જેટલા મૃત પશુઓના નિકાલ માટેની ફરિયાદો મળે છે. જેમાં અંદાજે ૮ થી ૧૦ જેટલા કુતરાઓનો સમાવેશ થાય છે. પ્રાણીઓના સન્માનનીય રીતે અંતિમ સંસ્કાર થાય તેના માટે કોર્પોરેશન દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે જે અંતર્ગત ડોગ સ્મશાન બનાવવામાં આવ્યું છે.

### હેલ્મેટ પ્રજાને શહેર વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે

# હેલ્મેટનો કાયદો રદ થવો જોઈએ: ભાજપના પૂર્વ ધારાસભ્યએ CMને લખ્યો પત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાત સરકાર દ્વારા ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવો ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો છે. પરંતુ સુરતથી ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ રાજ્ય સરકાર સામે એવી માંગ કરી છે જે ચોંકાવનારી છે. તેમણે રાજ્યના શહેરી વિસ્તારોમાં હેલ્મેટ ફરજિયાત બનાવનાર કાયદો તાત્કાલિક અસરથી રદ કરવા માંગ કરી છે.

ભાજપના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ મુખ્યમંત્રીને પત્ર લખીને માંગ કરી છે કે, 'જે હેલ્મેટ પ્રજાને શહેર વિસ્તારમાં આરોગ્યને માટે જોખમ રૂપ છે. કારણ કે, શહેરમાં બપોરના સમયમાં ૪૦-૪૫ ડીગ્રીમાં ૩૦૦થી ૪૦૦ મીટરના સિગ્નલ પાસ કરવા પડે અને આ ગરમીમાં પ્રજા માટે જોખમ છે. કોઈપણ મગજના ડોક્ટરોનો અભિપ્રાય લો તો કહેશે શહેર વિસ્તારમાં હેલ્મેટ જોખમ છે. પ્રજાની સુરક્ષાની વાતો કરનારા વ્યક્તિ એ.સી. ચેમ્બરમાં બેસીને નિર્ણય લે છે, એકવાર જાત અનુભવ કરીને ગરમીમાં શહેરમાં ફરે તો ખ્યાલ આવે.'

તેમણે પત્રમાં લખ્યું કે, 'પ્રજાને માટે હેલ્મેટ, ખાડાઓ, રસ્તાની સાઈડ પર કચરાના ઢગલાઓ અને ગટરનો ખ્યાલ આવે કે મધ્યમ અને ગરીબ વર્ગને કેટલી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પ્રજા હેલ્મેટમાં લૂંટાય છે અને ગરમીમાં પણ બીમારીનો ભોગ બને છે. જેથી મારી અપીલ છે કે આપ આ નિર્ણય માટે ફેરવિચાર કરીને શહેર વિસ્તારમાં હેલ્મેટમાંથી મુક્તિ આપો.' ઉલ્લેખનીય છે કે, બાઈક ચલાવતી વખતે હેલ્મેટ પહેર્યુ હોય તો, તડકો, પવન અને ધૂળ સામે રક્ષણ આપે છે. લાંબી રાઈડ પર હેલ્મેટ સૂર્ય, વરસાદ અને શરદી જેવી કઠોર હવામાન પરિસ્થિતિઓથી તમારા ચહેરાને સુરક્ષિત કરી શકે છે. આ ઉપરાંત હેલ્મેટ પહેરવાથી ધોમધખતી ગરમીમાં બાઈક ચાલકો ઉપર પર પડતા સૂર્યના આકરા કિરણોથી પણ રક્ષણ મળે છે. અને લૂ પણ નથી લાગતી, જેના કારણે ડિહાઈડ્રેશન કે ચક્કર આવવા જેવી સ્થિતિ ટાળી શકાય છે. એકંદર હેલ્મેટ બાઈક ચાલકને રક્ષણ આપે છે.

હેલ્મેટ પહેરવાનો કાયદો રદ કરવાને બદલે પૂર્વ ધારાસભ્યએ બપોરના આકરા તાપ સમયે શહેના અતિ વ્યસ્ત રહેતા રસ્તાઓ પરની સગ્નલોને બોપરે ૧થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાનું સુચન પણ કરી શકે, અથવા તો આવા ચાર રસ્તા પર ગ્રીન નેટ બાંધવાનું સુચન પણ કરી શકાય.

### ગ્રામજનોમાં ફફડાટ

# ગીર સોમનાથના સુત્રાપાડામાં દીપડાના હુમલામાં ૩ વર્ષની બાળકીનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં માનવભક્ષી દીપડાએ આતંક મચાવ્યો છે. ત્યારે સુત્રાપાડા તાલુકાના મોરાસા ગામમાં રવિવારે (૧૩મી એપ્રિલ) દીપડો ત્રણ વર્ષની બાળકીને ઊઠાવી ગયો હતો. જે બાદ આજે (૧૪મી એપ્રિલ) સવારે ગામના વોકળામાંથી બાળકીના અવશેષો મળી આવ્યા હતા. વન વિભાગ દ્વારા બાળકીના મૃતદેહના અવશેષોને પી.એમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે.મોરાસા ગામમાં રમેશ ચાવડાની ત્રણ વર્ષની દીકરી કુંદના રવિવારે રાત્રે ઘરની બહાર ફળિયામાં હાથ ધોવા ગઈ હતી. આ દરમિયાન પરિવારના સભ્યો ઘરમાં જમી રહ્યા હતા. ત્યારે અચાનક જ માનવભક્ષી દીપડો આવ્યો અને બાળકીને ઊઠાવીને લઈ ગયો હતો. પરિવારજનોએ બાળકીને બચાવવા માટે દીપડા પાછળ દોડ્યા પણ હાથમાં કાંઈ આવ્યું નહીંઆ ઘટના અંગે વન વિભાગને જાણ કરી હતી અને આખી રાત શોધખોળ કર્યા બાદ સોમવારે સવારે વોકળામાંથી ફાડી ખાધેલો બાળકીનો મૃતદેહ મળ્યો હતો. વન વિભાગે માનવભક્ષી દીપડાને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે. વિસ્તારમાં પાંચ પાંજરા ગોઠવવામાં આવ્યાં છે.

### મહિલા કર્મચારીને કંપનીના માલિકે પ્રેમજાળમાં ફસાવી

# અમદાવાદમાં કંપનીના માલિકે મહિલા કર્મચારી સાથે દુષ્કર્મ આચર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં એક કંપનીમાં કામ કરતી મહિલા કર્મચારીને કંપનીના માલિકે પ્રેમજાળમાં ફસાવી હતી. તેની સાથે લગ્ન કરવાની લાલચ આપીને અનેક વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલા કર્મચારીએ માલિકની અસલિયત ખબર પડતાં જ પોલીસમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે આરોપી માલિકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદમાં એક ખાનગી કંપનીમાં કામ કરતી મહિલાને કંપનીના માલિક સાથે પ્રેમ સંબંધ બંધાયા હતાં.બંને વચ્ચે ટેલિફોનિક વાતચીત થતી હતી. ત્યાર બાદ કંપનીના માલિકે મહિલા કર્મચારીને લગ્નની લાલચ આપી હતી. તેણે મહિલાને અલગ અલગ જગ્યાએ લઈ જઈને શરીર સંબંધો બાંધ્યા હતાં.પરંતુ મહિલાને જાણે કંપનીના માલિક એવા પ્રેમીની અસલિયત ખબર પડતાં જ તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.કંપનીનો માલિક નિકુંજ ભાવસાર પરિણીત હોવાની મહિલાને જાણ થતાં જ તેણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી મહિલા બે વખત ગર્ભવતી થતાં ગર્ભપાત કરાવ્યો હતો. આરોપીએ મહિલાને પ્રેમજાળમાં ફસાવીને અનેક વખત દુષ્કર્મ આચર્યુ હોવાનું મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું. પોલીસે મહિલાની ફરિયાદના આધારે આરોપી નિકુંજ ભાવસારની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદ-કલોલ હાઈવે પર શેરથા પાસે અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ

ગુજરાતના અમદાવાદ-કલોલ હાઈવે પર શેરથા પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં એસટી બસના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કૂબ ગુમાવતા એક સાથે ૬ વાહનોને અડફેટે લીધા હતા. અકસ્માતની આ ઘટનામાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર જણાતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રીફર કરવામાં આવ્યો હતો. અમદાવાદ-કલોલ હાઈવે પર વાહનોનો ભારે ઘસારો રહેતો હોય છે, ત્યારે શેરથા નજીક એસટી બસના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જ્યો હતો. જેમાં બાઈક, ટેમ્પો, કાર સહિત ૬ વાહનોને એસટી બસને ટક્કર મારી હતી.

મળતી માહિતી મુજબ, એસટી બસ ડ્રાઈવર બેફામ રીતે બસ ચલાવતો હોવાનું સામે આવ્યું છે, ત્યારે અકસ્માતમાં ૩ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં બે લોકોને સામાન્ય ઈજા થઈ હોવાથી અડાલજ PHC ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એકને ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ મોકલવામાં આવ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે, હાઈવે પર અવારનવાર અકસ્માતની ઘટના બનતી હોય છે. જેને લઈને વાહન ચાલકોમાં ભારે ચિંતા રહે છે.

# ચોરીના કેસમાં ફરાર આરોપી યુગાન્ડાથી પરત આવતા ઝડપી લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબીમાં ૩.૫૭ કરોડના કોલસા ચોરીના કેસમાં ભગીરથ સી.હુંબલ વિરૂધ્ધ લિક આઉટ સરક્યુલર ઈશ્યુ કરવામાં આવ્યો હતો. જેમાં મોરબીની શીવમ પાર્ક સોસાયટીમાં રહેતો ભગીરથ યુગાન્ડાથી વાયા ે છ્ઈ અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યો હતો. જ્યાંતી સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓએ ૧૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ તેનો કબજો મેળવ્યો હતો. તેની પાસેથી પોલીસે મોબાઈલ કબજે કર્યો હતો.આ ગુનામાં પોલીસે અત્યાર સુદીમાં ૧૯ આરોપીની ધરપકડ કરી છે.આ કેસની વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં કોલસા ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં ૧૫૮૪ ટન PCL COAL, ૩૦૦ ટન પાવડર, માટીથી મિક્સ કરેલો ૨૦૦ ટન કોલસો વગેરે મળીને કુલ રૂ. ૩,૫૭,૧૩,૧૭૫ના મુદ્દમાલ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલમાં તપાસ ચાલી રહી છે.

## અંબાજીમાં ગબ્બર પર ૩ દિવસ દર્શન-રોપ વે સેવા બંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

ગુજરાતમાં પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બર પર આવતીકાલ મંગળવાર(૧૫ એપ્રિલ, ૨૦૨૫)થી ૩ દિવસ ગબ્બર દર્શન અને રોપ વે સેવા બંધ કરવાનો મંદિર ટ્રસ્ટે નિર્ણય કર્યો છે. થોડા દિવસ પહેલા મહેસાણા અને અમદાવાદના શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા ત્યારે ગબ્બર પર અચાનક ભમરા ઉડ્યા હતા અને ૨૫ લોકોને ડંખ માર્યા હતા.

આ બનાવ બાદ યાત્રાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ દ્વારા ૧૫થી ૧૭ એપ્રિલ સુધી ગબ્બર દર્શન અને રોપ વે સેવા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ દિવસોમાં મધપૂડા ઉડાડવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

# ભરૂચમાં મહેશ વસાવાએ ભાજપને કર્યુ અલવિદા : કામને ન્યાય નહી મળતા ધર્યુ રાજીનામું : મંત્રીઓના કાગળોનો અધિકારીઓ ઝડપી નિકાલ કરતા નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદાના આદિવાસી નેતા મહેશ વસાવાએ ભાજપમાંથી રાજીનામુ આપ્યુ છે. મહેશ વસાવા લોકસભા ચુંટણીમાં ભાજપમાં જોડાયા હતા અને થોડા સમય ભાજપમાં રહીને તેમણે રાજીનામુ આપ્યુ હતું. તેમણે રાજીનામુ આપવાનુ કારણ દર્શાવ્યુ છે કે ભાજપ પાર્ટીમાં તેમના કામ થતા નથી, જેને લઈ તેઓએ રાજીનામુ આપ્યુ છે. મહેશ વસાવા આદિવાસી સંગઠન ઉભુ કરે તેવી શકયતા છે, નર્મદા જિલ્લાના ડેડીયાના પૂર્વ ધારાસભ્ય અને આદિવાસી સુપ્રિમો છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવાએ ભાજપ સાથેનો છેડો ફાડયો છે. તાજેતરમાં મહેશ વસાવા વિરૂધ્ધ માજી ભરૂચ જિલ્લા પ્રમુખ, મહિલા મારૂતિસિંહ અટોદરીયાના માર્ગદર્શન હેઠળ ભાજપમાં જોડાયા હતા. તેમણે પક્ષમાં પોતાના કામને ન્યાય મળતો ન હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

મહેશ વસાવા આદિવાસી નેતા છે અને આદિવાસીઓમાં તેઓ સારૂ પ્રભુત્વ ધરાવે છે. મહેશ વસાવા છેલ્લા ઘણા સમયથી ભાજપ પાર્ટીમાં નિષ્ક્રિય હતા અને મહેશ વસાવા અગાઉ બીટીપી રાષ્ટ્રીય અધ્યક્ષ હતા તેઓએ તેમના સમર્થકોને પુછીને આ રાજીનામુ આપ્યુ હોવાની વાત બહાર આવી છે. મહેશ વસાવા ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય છે, તો મહેશ વસાવા પાસે ભાજપનો કોઈ ખાસ હોદો ન હતો. ૧૧ માર્ચ ૨૦૨૪ ના રોજ ગાંધીનગરના ભાજપ પ્રદેશ કાર્યાલયે કમલમ ખાતે ભારતીય ટ્રાયબલ પાર્ટી (બીટીપી) ના વડા મહેશ વસાવા ભાજપમાં જોડાયા હતા. નર્મદા અને ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં બીટીપી નુ સારૂ એવુ પ્રભુત્વ છે. મહેશ વસાવા ના ભાજપમાં જોડાઈ જવાને કારણે અનેક વિવાદ થયા હતા. પરંતુ પાર્ટીમાં તેમના કામ થતા ન હતા. તેને લઈ





લાંબા સમયથી નારાજગી હોવાની વાત પણ સામે આવી છે. બીટીપી ના પાર્ટીના સંચાલક છોટુ વસાવાના પુત્ર મહેશ વસાવા છે.

# ખ્યાતિ હોસ્પીટલ કાંડના મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે ચાર્જશીટ ફાઈલ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલી બહુ ચર્ચિત ખ્યાતિ હોસ્પીટલ કાંડ ના મુખ્ય આરોપી કાર્તિક પટેલ વિરૂધ્ધ ક્રાઈમ બ્રાન્ચે ચાર્જશીટ તૈયાર કરી લીધી છે.

મુખ્ય આરોપી કાર્તિક પટેલ સામે આજે મંગળવારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ચાર્જશીટ ફાઈલ કરશે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટ માં આ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવશે અને ૫ હજાર થી વધુ પાનાની ચાર્જશીટ ફાઈલ થશે. જેમાં તૈયાર કરાયેલી ચાર્જશીટમાં ૧૦૫ સાક્ષીઓનો સમાવેશ થાય છે. ખ્યાતિ હોસ્પીટલ કાંડ માં એન્જીયોપ્લાસ્ટી કરાવ્યા બાદ બે




દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચે આ ચાર્જશીટ માં કેટલા દર્દીઓએ સારવાર લીધી તેનો પણ ખુલાસો કરવામાં આવશે, સરકારે રચેલી કમિટીના રીપોર્ટનો પણ ચાર્જશીટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ અગાઉ ૮ આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ થઈ ચુકી છે. ખ્યાતિકાંડ ને લઈ મુખ્ય આરોપી કાર્તિક પટેલ વિરૂધ્ધ ૭ ફરીયાદ પોલીસ ચોપડે નોંધવામાં આવી છે અને દર્દીઓના મૃત્યુ મામલે વસ્ત્રાપુરમાં ૩ ફરીયાદ નોંધવામાં આવી છે જેમાં પીએમજેએવાય ના કાર્ડ બનાવવા અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરીયાદ નોંધાઈ છે અને કાર્તિકના ઘર માં થી મળી આવેલા દારૂ અંગે ફરીયાદ નોંધાઈ છે.

ઈડીએ કાર્તિક પટેલ વિરૂધ્ધ ફરીયાદ નોંધી છે અને મુંબઈમાં જમીન દલાલ સાથે છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાઈ છે. પોલીસ પણ આ મામલે તપાસ કરી રહી છે.

# વિસાવદરમાં આમ આદમી પાર્ટી નો ઉમેદવાર ગોપાલ ઈટાલીયાનો હુંકાર : ભાજપવાળા ભાગી જાય તેઓ ઈતિહાસ રચવાનો છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિસાવદરમાં ચુંટણીનો માર્ગ મોકળો થતાં જ આમ આદમી પાર્ટી એકશનમાં આવી ગઈ છે. ચુંટણીપંચ વિસાવદર બેઠકની પેટા ચુંટણીની જાહેરાત કરે તે પહેલા જ આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલીયાને મેદાને ઉમેદવાર જાહેર કરી દીધા છે અને અત્યાર થી જ પ્રચાર પ્રસાર તેજ કરી દીધો છે. ત્યારે આ વખતે આમ આદમી પાર્ટી, ભાજપ તેમજ કોંગ્રેસ ને હરાવવા એડી ચોટીનુ જોર લગાવી રહી છે.

ગઈ કાલે વિસાવદરમાં કાર્યકર્તા મહાસંમેલનનુ આયોજન કરવામાં આવ્યુ હતું આમ આદમી પાર્ટીના નેતાઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વિસાવદર ના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ વિસાવદરની જનતાને રીઝવવાના પ્રયત્નો કર્યા હતા અને તેમણે કહ્યુ હતુ કે જે ધરતી પરથી કેશુ બાપા જવા ખેડુત નેતા ધારાસભ્ય બન્યા હોય એ ધરતી પરથી પ્રતિનિધિત્વ કરવા માટે મને જે તક મળી છે એ મારા જીવનનુ સૌથી મોટુ સૌભાગ્ય છે. હાલ હું ગામડે ગામડે ફરી રહ્યો છું અને લોકોની વેદનાઓ જાણી રહ્યો છું. મે એક ડાયરીમાં લોકોની વેદનાઓ અને લોકોની તકલીફો લખી છે. વિસાવદરની નગરપાલિકામાં, તાલુકા પંચાયતમાં અને જિલ્લા પંચાયતની આ વિસ્તારની એક સીટ ને છોડીને બાકી તમામ જગ્યાએ ભાજપ છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા સહિત કુલ ૭૬ જેટલા સભ્યો ભાજપમાંથી ચુંટાયેલા છે અને લોકસભા સુધી ભાજપના નેતા અહીંયાથી ચુંટાયા છે. કેન્દ્ર અને રાજય માં ભાજપની સરકાર છે અને આ લોકો ડબલ એન્જીનની સરકારની વાતો કરી રહ્યા છે તેમ છતાં પણ અહીંયાના લોકો માટે અને ખેડુતો માટે કોઈ કામ થઈ રહ્યા નથી. માટે આ કોઈ ડબલ એન્જીનની સરકાર નહી પરંતુ ધકકા ગાડી ની સરકાર છે અને આ સરકારને હવે કાઢવાનો સમય આવી ગયો છે.

વધુમાં તેમણે કહ્યુ કે વિસાવદરની આ ધરતીને એક આગેવાનની જરૂરત છે. જે આ જગ્યાનુ નેતૃત્વ કરી શકે અને આ જગ્યાના લોકો માટે અને



ખાસ કરીને ખેડુતો માટે બોલી શકે, માટે હું તમારી પાસે આશા રાખીને આવ્યો છું કે તમે મને એક તક આપશો તો હું ઘણુ સારૂ કામ કરીશ, મેં પોલીસ વિભાગમાં નોકરી, પ્રાંત અધિકારીના કલાર્ક તરીકે પણ મેં નોકરી કરી, હું વકીલ પણ છુ, અને ભાજપે મારા પર અનેક ખોટા કેસો કર્યા અને મને જેલમાં પણ પુર્યો, મને જાહેર જીવનનો અનુભવ છે, કોર્ટ કચેરીનો અનુભવ છે, પોલીસ સ્ટેશનનો પણ અનુભવ છે, અને બીજી કચેરીઓનો પણ અનુભવ છે. માટે જો તમે મને એક તક આપશો તો મારી આવડત અને અનુભવથી આ સમગ્ર વિસ્તારનુ નામ ઉજળુ કરી દઈશ.

હું સમગ્ર વિસાવદરને અને આખા ગુજરાતને આજે વિનંતી કરૂ છું કે વિસાવદરની ચુંટણી એક મહાભયંકર યુધ્ધ સમાન છે. આખા ગુજરાતમાં જે બદલાવ ઈચ્છતા હોય, યુવાનોનુ ભલુ ઈચ્છતા હોય, ખેડુતોનુ ભલુ ઈચ્છતા હોય, ભ્રષ્ટાચાર નાબુદ કરવા માંગતા હોય, ભાજપના ગુંડાઓને પકડવા માંગતા હોય, એવા તમામ જ્ઞાતિના, તમામ ધર્મના , તમામ ગામના, તમામ શહેરના લોકોને મારી બેહાથ જોડીને વિનંતી છે કે ચુંટણીની તારીખ જાહેર થાય પછી સ્વખર્ચે ઘરની ગાડી અને ઘરના ખર્ચે એક મહિના માટે વિસાવદરમાં આવીને મને મદદ કરો એવી હું તમામ લોકોને વિનંતી કરૂ છું. કાંતિ ની શરૂઆત વિસાવદર ભેસાણ થી શરૂ થશે એવો સંકલ્પ લીધો છે. ગુજરાતભરમાંથી જે પણ કાર્યકર્તાઓ આવ્યા છે તે સૌને પણ વિનંતી છે કે જયારે ચુંટણી જાહેર થાય અને જયારે હું ફોર્મ ભરવા જાઉ ત્યારે ગુજરાતના ઈતિહાસમાં ન થયુ હોય એટલી મોટી રેલી આપણે કાઢીશું અને ફોર્મ ભરવા જઈશુ, ૧ લાખ લોકો ખભે થી ખભો મીલાવીને આપણુ ફોર્મ ભરવામાં આવે તેવી હું લાગણી રાખુ છુ, ગુજરાતના ઈતિહાસમાં અને દેશના ઈતિહાસમાં ન થયુ હોય તેવી ચુંટણી આપણે કરી બતાવીશુ અને સાબિત કરી બતાવીશુ કે જો એક નાનો માણસ ધારે, એક ખેડુતનો દિકરો ધારે તો મોટી મોટી સલ્તનતો પણ ડોલી જાય, ભાજપનો ઉમેદવાર જાહેર થશે ત્યારે તેઓ અનેક પ્રકારની અફવાઓ ફેલાવશે કે ગોપાલ ઈટાલીયા પાસે પાકિસ્તાનથી પૈસા આવે છે.

હિન્દુ મુસ્લીમ સ્મશાન, કબ્રસ્તાન, આવી તમામ વાતો તેઓ કરશે, પરંતુ તમે ઈકોઝોન, પાક વીમો, ૫ લાખનુ ધિરાણ, જંગલ ખાતાની કનડગત, ખેડુત યુવાનોની પરીસ્થિતિ આવી તમામ બાબતોને યાદ રાખીને તમારે આમ આદમી પાર્ટીનુ બટન દબાવવાનું છે. હું ફરી એકવાર વિસાવદરના લોકો, ગુજરાતના લોકોને વિનંતી કરૂ છું કે મારો સાથ આપો, મને ટેકો આપો, મને આશીર્વાદ આપો, હું તમારા લોકોના ભરોસે બેઠો છું, હું ભાજપ અને કોંગ્રેસના વિસાવદર ભેસાણમાં રહેતા કાર્યકર્તાઓને કહેવા માંગુ છુ કે તમારી પાર્ટીને અહીંના લોકોએ અનેકવાર તક આપી પરંતુ હવે એક તક ખેડુતના દિકરાને જીતાડવા માટે આવી છે અને જો તમે બધા સાથે મળી જાઓ તો ખેડુતોની જીત થાય એમ છે.

૧૧ મહિનાનો કોન્ટ્રાકટ હોવા છતાં બધા મહિનાનો પગાર નહી મળ્યો હોવાની ફરીયાદો

# પગારમાં વિલંબ અને કોન્ટ્રાકટ આધારીત નોકરી સામે ગુજરાતના ખેલ સહાયકો વિરોધ ચાલુ રાખવા મક્કમ છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં ખેલ સહાયકો તરીકે ઓળખાતા કરાર આધારીત રમત ગમત શિક્ષકોની નિમણુંક બીજા વર્ષમાં પ્રવેશી છે જો કે ઘણા શાળાના રમત ગમત શિક્ષકો અને ઉમેદવારો આ યોજનાથી નાખુશ છે. રાજયના બજેટ સત્ર દરમિયાન તેમાંથી ઘણાએ ગાંધીનગરમાં એક અઠવાડીયાથી વધુ સમય સુધી તેઓએ વિરોધ કર્યો હતો.



૨૬ માર્ચે જયારે તેઓએ વિધાનસભા તરફ કુચ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે કેટલાકની અટકાયત કરવામાં આવી હતી. ૨૦૨૪-૨૫ માં ગુજરાત સરકારે ૧૫૨૭ ખેલ સહાયકોની નિમણુંક કરી હતી. ચાલુ વરસે સરકારે અરજદારો માટે મહત્તમ વય મર્યાદા ૩૮ થી વધારીને આ યોજના શરૂ કરવામાં આવી છે. ત્યારે મર્યાદા ૩૫ લાખ થી વધારીને ૩૮ લાખ વર્ષ કરી દેવામાં આવી હતી. જો કે ઘણા શિક્ષકો હજુ પણ નારાજ છે. તેઓ કહે છે કે ખેલ સહાયક યોજના શિક્ષકો કે વિદ્યાર્થીઓ માટે યોગ્ય નથી. આ યોજના શિક્ષકો માટે અન્યાઈ છે. તેઓ કહે છે કે છેલ્લા ૧૫ વરસથી ગુજરાતની શાળાઓમાં કોઈ નિયમિત રમત ગમત શિક્ષકોના રાખવામાં આવ્યા નથી. પગાર ચુકવવામાં ઘણી વાર વિલંબ થાય છે અને કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે કે નહી તે અંગે કોઈ સ્પષ્ટ નિયમ નથી. શિક્ષકો કાયમી નોકરી ઈચ્છે છે. જુલાઈ ૨૦૨૩ ના રોજ જાહેર કરાયેલી યોજના મુજબ ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં એક ખેલ સહાયકની નિમણુંક કરી શકાય છે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી સ્પોર્ટસ એપ્ટિટયુટ ટેસ્ટ ના એસએટી આધારે નિમણુંક થાય છે.

પ્રાથમિક શાળાઓમાં ૪૫૪૫ અને માધ્યમિક શાળાઓમાં લગભગ ૭ લાખ ખેલ સહાયકની જગ્યાઓ ખાલી છે. શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર પ્રાથમિક શાળાઓ માટે ૧૫૮૮ ઉમેદવારોની કામચલાઉ યાદી બહાર પાડવામાં આવી છે. દરેક ખેલ સહાયકને ૧૧ મહિનાના કોન્ટ્રાકટ દરમિયાન માસિક રૂપીયા ૨૧ હજાર પગાર ચુકવાય છે. ટર્મ ના અંતે શાળા વ્યવસ્થાપન સમિતિ કોન્ટ્રાકટ લંબાવવો કે નહી તે નકકી કરે છે. આ યોજના ૨૦૨૭-૨૮ માં મિશન સ્કુલ ઓફ એકસેલન્સના અંત સુધી ચાલુ રહેશે. ત્યારબાદ સરકાર સમિક્ષા કરશે યોજના ચાલુ રાખવી કે નહી, સરકારી પ્રાથમિક શાળામાં ખેલ સહાયક તરીકે કામ કરતા એક શિક્ષક કહે છે કે તેમનો કોન્ટ્રાકટ ૧૧ મહિનાનો હોવા છતાં તેમને ફકત ૮ મહિનાનો પગાર મળ્યો છે તેમણે કહ્યુ કે સરકાર નિર્ણય ન લે ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. ૨૦૨૪ માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કુલમાં નિયુકત કરાયેલા મહિલા શિક્ષિકાનો કોન્ટ્રાકટ બે મહિના અગાઉ પુરો થયો હતો તેમણે કહ્યુ કે ઉનાળા અને દિવાળીની રજાઓ દરમિયાન તેમને પગાર મળતો ન હતો. તેમણે કહ્યુ કે તેઓ નિયમિત શિક્ષકો જેટલી જ મહેનત કરે છે પરંતુ તેમને પુરા ૧૧ મહિના પગાર મળતો નથી.

# વ્યાજના વિષચક્ર એ ગરીબ પરીવારનો માળો પીંખી નાખ્યો : દંપત્તિનો બે બાળકો સાથે સામુહિક આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના વડાલીના સગર વાસમાં એક જ પરીવારના પાંચ સભ્યોએ આર્થિક સંકળામણના કારણે શનિવારે ઝેરી દવા ગટગટાવી સામુહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવાની ગંભીર અસર થી પતિ પત્નીનુ મૃત્યુ નિપજયું હતુ ત્યારે હવે વધુ બે બાળકોના મોત થયા છે. જયારે દિકરીની ગાંધીનગરની ખાનગી હોસ્પીટલમાં સારવાર ચાલી રહી છે. સામુહિક આપઘાતે



સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. વ્યાજના વિષચક્રએ ગરીબ પરીવારનો માળો પીંખી નાખ્યો છે.

વડાલી શહેરના સગરવાસમાં આવેલા બ્રહ્મપુરી વિસ્તારમાં રહેતા વિનુ સગર ઝુંડાળા એ તેમના પત્ની કોકીલાબેન પુત્રી કિષ્ના ઉર્ફે ભુમિબેન અને પુત્ર નિરવ અને નરેન્દ્ર ઉર્ફે શંકર ને શનિવારે વહેલી સવારે પોતાના ઘરે જંતુનાશક ઝેરી દવા પીવળાવીને પોતે ગટગટાવી સામુહિક જીવનલીલા સંકેલી દેવાનો પ્રયાસ કર્યો હતો. ઝેરી દવાની ગંભીર અસરથી પતિ પત્નીનુ મૃત્યુ નિપજયુ હતુ ત્યારે હવે વધુ બે બાળકોના મોત થયા છે. જયારે દિકરી હજુ ગાંધીનગરની ખાનગી હોસ્પીટલમાં સારવાર લઈ રહી છે. આ સામુહિક આપઘાતે સમગ્ર પંથકમાં ચકચાર મચાવી મુકી છે. પ્રાથમિક વિગતો અનુસાર વ્યાજખોરોના ત્રાસથી પરીવારે આપઘાત કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. આ ઘટનાને લઈને સગર સમાજમાં વ્યાપક રોષ ફેલાયો છે. સમાજના લોકો મોટી સંખ્યામાં ગઈ કાલે રવિવારે વડાલી પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવા માટે દોડી ગયા હતા જે સમયે દંપત્તિના મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ વડાલી આવતા મૃતદેહ પણ પોલીસ સ્ટેશન લાવ્યા હતા. આ બનાવ અંગે કડક કાર્યવાહી કરવા પોલીસ સ્ટેશનને ઘેરાવ કરી લોકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવતા તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જો કે પોલીસ દ્વારા યોગ્ય તપાસ કરી કસુરવારો સામે કડક કાર્યવાહી કરવાની હૈયાધારણા આપતા મામલો થાળે પાડયો હતો.

# ગુજરાતમાં ૩ દિવસ સુધી હીટવેવ નુ યલો એલર્ટ : પારો ૪૫ ડીગ્રીએ પહોચશે : આગામી ૭ દિવસ માટે હવામાન અપડેટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વરસાદથી થોડી રાહત મળ્યા બાદ તાપમાનમાં ફરી એકવાર ઝડપથી વધી રહ્યો છે. ગઈ કાલે રવિવારે ઘણા શહેરોમાં સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાયુ હતું.

હવામાન વિભાગે આજે એટલે કે મંગળવાર સુધી ૩ દિવસ સુધી ચાલુ રહેનાર હીટવેવ માટે યલો એલર્ટ જારી કર્યુ છે. તેમજ મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી સેલ્સિયસ સુધી પહોચવાની ધારણા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં અનુક્રમે ૪૧.૬ ડીગ્રી સેલ્સિયસ અને ૪૧.૫ ડીગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. ભુજ અને બરોડા માં પણ તાપમાનમાં નોધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ભુજમાં મહત્તમ તાપમાન ૪૦.૯ ડીગ્રી સેલ્સિયસ, ડીસામાં ૪૦.૨ ડીગ્રી સેલ્સિયસ અને બરોડામાં ૩૯.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. જો કે સુરત, દ્વારકા અને વેરાવળ જેવા દરીયાકાંઠાના સ્થળો પ્રમાણમાં ઠંડા



રહ્યા. સુરતમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી સેલ્સિયસ, દ્વારકામાં ૩૧.૩ ડીગ્રી સેલ્સિયસ અને વેરાવળ માં ૩૧.૮ ડીગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું. ભારતીય હવામાન વિભાગે તેની આગાહી માં આજે એટલે કે મંગળવાર થી શરૂ થનારી ગરમીની ચેતવણી જારી કરી છે. આઈએમડી મુજબ બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટ અને કચ્છના છુટાછવાયા વિસ્તારોમાં ૧૫ થી ૧૭ એપ્રિલ સુધી ગરમીનુ મોજુ ચાલુ રહેવાની શકયતા છે. આગાહી માં એમપણ કહેવામાં આવ્યુ છે કે આગામી ૫ દિવસમાં ગુજરાતમાં મહત્તમ તાપમાન ધીમે ધીમે ૨ થી ૩ ડીગ્રી સેલ્સિયસ વધી શકે છે. અને ૪૫ ડીગ્રી સુધી પહોચી શકે છે ત્યારબાદ ૨ થી ૩ ડીગ્રી સેલ્સિયસ તાપમાનમાં ઘટાડો થવાની શકયતા છે. ૧૫ થી ૧૭ એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦ થી ૪૫ ડીગ્રી સેલ્સિયસ ની વચ્ચે રહેવાની ધારણા છે.

સરકારી પરીપત્ર ને ઘોળી પી જતા બિલ્ડરો

# જુના સચિવાલયમાં કારઝાળ ગરમીમાં શ્રમજીવીઓ પાસે લેવાય છે કામ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના અનેક જિલ્લાઓમાં આગ ઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. રાજયમાં સરેરાશ તાપમાનનો પારો ૪૦ ડીગ્રીને પાર વધી રહ્યો છે. ત્યારે બે દિવસ અગાઉ રાજય સરકારની શ્રમ આયોગની કચેરી દ્વારા શ્રમિકો ને બપોરે ૧ થી ૪ વાગ્યા માં કામ નહી કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જયારે આજે સોમવારે ગાંધીનગર ના જુના સચિવાલયમાં શ્રમિકો ધોમધખતા તાપમાં કામ કરતા જોવા મળ્યા હતા. સરકારી વિભાગ દ્વારા જ નિયમોનો છેડેચોક ભંગ થઈ રહ્યો છે. ગુજરાતી કહેવત છે કે શેઠ ની શિખામણ ઝાંપા સુધી, પરંતુ અહીં તો સરકારની શિખામણ સચિવાલય સુધી પણ માનવામાં આવતી નથી. સામાન્ય જનતાને વ્હાલા થવા અને શ્રમિકોની નજરમાં સારા દેખાવવા માટે આ પ્રકારના નોટીફીકેશન બહાર પાડી શ્રમિકોની ચિંતા હોય એવુ બતાવવામાં આવે છે. પરંતુ રોજ મજુરી કરીને રોજનુ પેટીયુ રળતા મજુરોને સચિવાલયમાં જ બપોરના સમયે મજુરી કરાવવામાં આવતી હોય ત્યારે ખાનગી કન્ટ્રકસ્ટ્રશન સાઈટ કોણ બપોરના સમયે કામ ન કરવા નિયમોનુ પાલન થશે. રાજયના શ્રમ વિભાગના નિયમનો રાજયના પાટનગર ગાંધીનગરના જ ભંગ થઈ રહ્યો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. બે દિવસ અગાઉ બપોરના ૧ થી ૪ વાગ્યા ના સમયગાળા દરમિયાન શ્રમિકોને કામ ન કરાવવા પરીપત્રનો સરકારના નાક નીચે જ ભંગ થતો જોવા મળ્યો છે. જેમાંથી ૪૧ ડીગ્રી તાપમાન વચ્ચે સરકારી પ્રોજેકટમાં ભર તડકામાં શ્રમિકો કામ કરતા જોવા મળ્યા હતા. જુના સચિવાલયના પ્રોજેકટ નિર્માણ કાર્યમાં સરકારના પરીપત્રના ધજાગરા ઉડાવીને ગાંધીનગર સ્થિત જુના સચિવાલયમાં સરકારી પ્રોજેકટમાં કોન્ટ્રાકટરો નિયમોનો ભંગ કરીને ધગધગતા તાપ વચ્ચે ખુલ્લામાં શ્રમિકો પાસેથી કામ કરાવી રહ્યા હતા. સરકારી પરીપત્રનો ભંગ કરનાર કોન્ટ્રાકટર સામે શું સરકાર કોઈ કાર્યવાહી કરશે ? જો મજુરો માટે ગરમીમાં રાહત મળે તેવી વ્યવસ્થા કરાઈ છે કે નહી તેનો આ સાઈટ પર ધ્યાન રાખવામાં આવ્યુ છે કે નહી તેની તપાસ થશે.

સરકારે આપ્યા સંકેતઃ મે મહિનાની શરૂઆતમાં બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા

# ગુજરાત બોર્ડ ધો.૧૦-૧૨નું પરિણામ વહેલું જાહેર કરે તેવી શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ વહેલા જાહેર થાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. બોર્ડની પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રીએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરિણામ વહેલા જાહેર થઈ શકે છે. મે મહિનાની શરૂઆતમાં બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા.'

રાજયમાં બોર્ડના પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, 'ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવી હોવાથી પરિણામ પણ વહેલા જાહેર થવાની શક્યતા છે. આ માટે બોર્ડનો સ્ટાફ મહેનત કરી રહ્યો છે, ત્યારે આગામી મે મહિનાના પહેલા અઠવાડિયામાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા છે.'

સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'X' પર બે વર્ષ જૂના એક સમાચાર અહેવાલનો સ્ક્રીનશોટ શેર કરીને લખ્યું હતું કે, 'ગુજરાત બોર્ડ રિઝલ્ટઃ ૧૦માં ધોરણમાં ૧૫૭ સ્કૂલમાં શૂન્ય વિદ્યાર્થીઓ પાસ'. જ્યારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે પણ અખિલેશ યાદવની આ પોસ્ટને ફરી શેર કરતા ગુજરાતના શિક્ષણ મોડેલને લઈને ભાજપ પર પ્રહાર કર્યા હતા. આ મામલે પ્રફુલ પાનસેરિયાએ કહ્યું હતું કે, 'બંને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, ભગવાન બંનેને સદબુદ્ધિ આપે...

# રાજકોટમાં આંબેડકર જયંતીની રેલીમાં પોલીસ-લોકો વચ્ચે ઘર્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

આજે રાજ્યભરમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી થઈ રહી છે. ત્યારે રાજકોટ શહેરમાં દલિત સમાજ દ્વારા બાઈક રેલી યોજવામાં આવી હતી. આ દરમિયાન શહેરના જિલ્લા પંચાયત ચોક પાસે બાઈક ઉપર સ્ટન્ટ કરતાં યુવકોને પોલીસ દ્વારા અટકાવવામાં આવ્યા હતા જેના લીધે પોલીસ અને લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી અને ઘર્ષણા દ્રશ્યો સર્જાયા હતા. યુવકોએ રસ્તા પર બેસી જઈને વિરોધ વ્યક્ત કરતાં આક્ષેપ કર્યો હતો કે રેલી દરમિયાન પોલીસે બાઈક પર દંડા માર્યા હતા.

મામલો બિચકતાં ડીસીપી, એસીપી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જિલ્લા પંચાયત ચોકમાં બબાલ થતાં પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા અને રાજકોટની શાંતિ ડહોળાઈ નહી તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

જોકે ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર મામલાને શાંત પાડતાં રેલી ફરી આગળ વધી હતી.